સુવિચાર
નિર્ભય બનીને પોતાનું
કર્મ કરવું.
જીવનમાં સ્વપુરૂષાર્થથી આગળ
વધવું. પરસેવાની કમાણીને
આદર્શ કમાણી ગણવી.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૨/૦૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ પોષ વદ-૭ વર્ષ : ૧૫ અંક : ૦૪૪


## જનતા જનાર્દનનાં પોણા પાંચ કરોડ જેવી રકમનો દુરૂપયોગ થતો હોવાનો આક્ષેપ

# લ્યો બોલો : બગસરામાં સરકારી દવાખાનાનાં ચાલતા બાંધકામમાં દે ધનાધન

- સરકારી બાંધકામોનું આયુષ્ય ૧૦૦ વર્ષનું હોવું જોઈએ તેને બદલે ૧૦ વર્ષ ચાલે તે રીતે બાંધકામ થાય તે યોગ્ય નથી
- જનતા જનાર્દન પરસેવો પાડીને સરકારી તિજોરીમાં નાણા જમા કરાવે અને તેનો સદ્‌ઉપયોગ ન થાય તે બાબત શરમજનક
- સ્થાનિક ધારાસભ્ય, જવાબદાર વિભાગનાં અધિકારીઓ બાંધકામને નિયમ મુજબ કરાવે તેવી માંગ
- ભ્રષ્ટાચાર મુકત શાસનમાં ભ્રષ્ટાચારની બુમ સાંભળવા મળે તે બાબત સરકાર માટે તપાસનો વિષય



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧
બગસરામાં એક અદ્યતન સિવિલ હોસ્પિટલ ૪.૭૫ કરોડ જેવા ખર્ચે બની રહી છે. આ કામનો કોન્ટ્રાકટ એક કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યો છે. ત્યારે બગસરાની જનતા માટે ખૂબ ખુશીની વાત છે. પરંતુ આ ચાલી રહેલ કામમાં પુષ્કળ પ્રમાણમાં ભ્રષ્ટાચાર ચાલી રહ્યો છે તેવું એક જાગૃત નાગરિક દ્વારા કહેવામાં આવ્યું છે. જયારે આ હોસ્પિટલમાં ચાલી રહેલ કામમાં ઈંટો સિમેન્ટની બનાવીને વાપરવાની હોય છે ત્યારે તે ઈંટોને બરાબર રીતે પકાવી ત્યારબાદ તેનો ઉપયોગ કરવાનો હોય છે. પરંતુ કોન્ટ્રાકટર દ્વારા ત્યાંને ત્યાં ઈંટો બનાવીને તત્કાલ ઉપયોગમાં લઈ લેવામાં આવે છે અને પાણી પણ પૂરતા પ્રમાણમાં પીવડાવવામાં આવતું નથી તેમજ રેતી પણ નબળી ગુણવત્તાની વાપરવામાં આવે છે તેમજ લોખંડનો પણ ઉપયોગ એ ટેન્ડરમાં આપેલો છે તેના કરતાં ઓછું લોખંડ પણ

(અનુસંધાન પાના ૬ ઉપર)

### સવારનાં ૮ વાગ્યા આસપાસની ઘટના

## લીલીયાથી વાઘણીયા માર્ગ ઉપર ડમ્પર ચાલકે હડફેટે લેતા વૃધ્ધનું કમકમાટીભર્યુ મોત

### વાઘણીયા ગામના ગભરૂભાઈ શિંગાળાનાં મોતથી અરેરાટી




અમરેલી, તા. ૧
લીલીયા તાલુકાનાં વાઘણીયા ગામે રહેતા ગભરૂભાઈ પોપટભાઈ શીંગાળા નામના ૬૪ વર્ષિય વૃધ્ધ આજે સવારે ૮ વાગ્યાનાં સમયે પોતાના હવાલાવાળુ મોટર સાઈકલ નં. જીજે–૧ ડીજે ૭૯૧૪ લઈ લીલીયાથી વાઘણીયા તરફ જતા હતા તે દરમ્યાન લીલીયા ગામ તરફથી એક પીળા કલરના ડમ્પર નં. જીજે–૧૩ વી ૭૯૪૮નાં ચાલકે પોતાના હવાલાવાળુ ડમ્પર પુરપાટ ઝડપે અને બેફીકરાઈથી અને ગફલત ભરી રીતે માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ગભરૂભાઈનાં હવાલાવાળ ા મોટર સાઈકલને અડફેટે લઈ તેના શરીર ઉપર ડમ્પરનો જમણી બાજુનાં પાછળનાં ભાગનો ટાયરનો જોટો ચડાવી દઈ શરીરે તથા માથાનાં ભાગે તેમજ મોઢાનાં ભાગે ગંભીર ઈજાઓ કરી ગભરૂભાઈનું મોત નીપજાવી નાસી ગયાની ફરિયાદ નોંધાય છે.


Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્‌લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
જયદીપ પટેલ
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
ફોરીયા રોડ, ભોજલપરા, અમરેલી.


### સુરત ખાતે રહેતી આરતી પાઠક સહિત ૯ વ્યકિત વિરૂધ્ધ ફરિયાદ

## સાવરકુંડલાનાં ચરખડીયામાં રહેતા ૪૦ વર્ષિય ખેડૂતને ઓનલાઈન મિત્ર બનાવીને એક યુવતીએ બરાબરના ફસાવ્યા

### ૮ શખ્સોએ પોલીસ તરીકે ખોટી ઓળખ આપીને ખેડૂતને ધમકાવ્યા

અમરેલી, તા. ૧
સાવરકુંડલા તાલુકાના ચરખડીયા ગામે આવેલ કાચરીયા પરૂ પાદરમાં રહેતા અને ખેતી કામ કરતાં હિતેષભાઈ લાલજીભાઈ તળાવીયા નામના ૪૦ વર્ષિય ખેડૂતના હિતેષ તળાવીયા નામના ફેસબુક આઈડી મેસેન્જરમાં સુરત રહેતી આરતી પાઠક વાળી નામની મહિલાએ તેના ફેસબુક આઈ.ડી.માંથી મેસેજરમાં વોઈસ મેસજ કરેલ બાદ એક બીજાએ ફોન નંબર મેળવી ફોન તથા વિડીયો કોલથી વાતચીત કરેલ હતી. જેમા યુવતીએ યુવકને ગામનુ નામ અને ધંધા બાબતે પુછેલ અને તેમા માલઢોર રાખવા બાબતે વાત થયેલ અને યુવકે પૂછતા કે તમે કયાના છો તો આ આરતી પાઠક નામની મહિલાએ સુરત રહેતી હોવાનુ જણાવેલ હતુ. અને તેણીએ યુવક પાસે પૈસાની માંગણી કરતા યુવકે ના પાડેલ હતી અને બાદમાં આ મહિલાએ યુવકનો મોબાઈલ નંબર બ્લોકમાં નાખી દીધેલ હતો. બાદમાં ગત તા. ૩૦ના રોજ સાંજના આશરે પાચેક વાગ્યે યુવતીનો ફોન આવેલ અને યુવકને કહેલ કે ઘી અને પૈસાનુ શું થયુ ? જેથી યુવકે કહેલ કે પૈસા કે ઘી નથી તેમ જણાવી દેતા તેણી કહેલ કે હું સાવરકુંડલા મારા ફઈના ઘરે આવેલ છું અને હાથસણી

(અનુસંધાન પાના ૬ ઉપર)


જોઇએ છે
અમરેલી એકસપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.



Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
55,890/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.



IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT
EXCHANGE OFFER
FREE INSTALLATION
EASY EMI AVAILABLE
BAJAJ FINSERV
HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી.



We Are Hiring
Would you like to be part of our team? Come prepare yourself.
Open Position
LIABRARIAN
Qualification
B.Lib.Sc
(Bachelor of Library Science)
Apply Now
Email Us Your Resume:
dr.arpanjani@gmail.com
Call us
9978966629
NCT
NETRA CHIKITSA AYURVED COLLEGE AMRELI

## પ્રદેશ કોંગી પ્રમુખ શકિતસિંહ ગોહિલે બજેટને નિરાશાજનક ગણાવ્યું

# ભાજપ સરકારનાં વચગાળાનાં બજેટમાં કોઈ રાહત જોવા મળતી નથી

**બજેટની જાહેરાતોમાં શબ્દોની સજાવટ છે પરંતુ નાણાની ફાળવણી જોવા મળતી નથી**

**હીરા ઉદ્યોગની આયાત ડયુટી ઘટાડવાની માંગ પણ ધ્યાને લેવામાં ન આવી**

**દેશની સૌથી મોટી બે સમસ્યા મોંઘવારી અને બેરોજગારી દૂર કરવા કોઈ આયોજન નથી**

**ઉદ્યોગપતિઓને ફાયદારૂપ અને ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે ફાયદા વિહીન બજેટ**



અમદાવાદ, તા. ૧

ચૂંટણી આવતી હોય ત્યારે કોઈપણ સરકારનું છેલ્લું બજેટ લોકોને રાહતો અને આકાંક્ષાઓ પૂરી કરતું હોય. પરંતુ, ભાજપની સરકારનું વચગાળાનું બજેટ કોઈપણ પ્રકારની રાહત આપનારૂં નથી. પ્રમાણિક કરદાતાઓને ઈન્કમટેક્ષના સ્લેબમાં કોઈ મોટી રાહત મળશે તેવી મોટી અપેક્ષા હતી પણ કરદાતાઓને કોઈ રાહત નથી તેવી પ્રતિક્રિયા આપતા પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શકિતસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, ગરીબો અને ગરીબી સતત વધતી જાય છે, મોંઘવારી, બેરોજગારી વધારનારૂં, અસમાનતા વધારનારૂં, વિકાસના નામે બેફામ ખર્ચા વાળું, મોટા ઉદ્યોગ ગૃહો–ઉદ્યોગપતિઓને મદદ કરનારૂં, નાના વેપારી–નાના ઉદ્યોગને મારી નાંખનારૂં આ અંતિમ બજેટ નિરાશાજનક છે. ગુજરાતના હિરા ઉદ્યોગની સતત માંગ હતી કે, ઈમ્પોર્ટ ડયુટી ઘટાડવામાં આવે, હિરા ઉદ્યોગમાં મંદી છે તેમ છતાં ઈમ્પોર્ટ ડયુટીમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. બજેટની જાહેરાતોમાં શબ્દોની સજાવટ છે પરંતુ એ જાહેરાતોને પરીપૂર્ણ કરવા નાણાંની ફાળવણી જોવા મળતી નથી. ડાયરેકટ ટેક્ષ, ઈનડાયરેકટ ટેક્ષ અને ઈમ્પોર્ટ ડયુટીમાં કોઈપણ પ્રકારની રાહત નથી.

૨૦૧૪ થી ૨૦૨૪ દસ વર્ષ દરમ્યાન બજેટમાં વચનો આપવામાં આવ્યા પણ મોટા ભાગની યોજનાના અમલીકરણ પાછળ કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નથી. અનેક યોજનાઓમાં માત્ર પાંચ ટકાથી ઉપ ટકા સુધીનો જ ખર્ચ થયો છે. દેશની સૌથી મોટી બે સમસ્યા મોંઘવારી અને બેરોજગારી બંને બાબતો માટે આ બજેટમાં કોઈ નક્કર આયોજન જોવા મળતું નથી. જુદી જુદી યોજનાઓના અમલીકરણ અને પરિણામોથી પ્રભાવિત કરી શકાય તેમ નથી એટલે સતત આંકડાઓથી પ્રભાવિત કરવાનો વધુ એક પ્રયાસ વચગાળાના બજેટમાં જોવા મળી રહ્યો છે. આઝાદી પછી પ્રથમ વખત કેન્દ્ર સરકારે આ અંગે સ્વિકારી લઈને આર્થિક સર્વે આ વખતે બહાર પાડયો નથી. જેથી ધુંધળું આર્થિક વિગતો દેશની જનતા સમક્ષ ખુલ્લી ન પડી જાય. એકંદરે બજેટ મહિલાઓ, યુવાનો, ખેડૂતો, નાના વેપારીઓ અને નાના ઉદ્યોગકર્તાઓની સાથે દેશના સામાન્ય નાગરિકો માટે અત્યંત નિરાશાજનક છે.

### મોંઘવારી અને બેરોજગારીનો કોઈ ઉલ્લેખ જ નથી

## કેન્દ્ર સરકારનું આખરી બજેટ સપનોનાં સોદાગર જેવુ : પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત

**બજેટમાં શબ્દોની માયાજાળરૂપી આંકડાઓ**



અમરેલી, તા. ૧

અમરેલી જિલ્લા કોંગી પ્રમુખ પ્રતાપ દુધાતે કેન્દ્ર સરકાર દ્વારા રજૂ થયેલ આખરી બજેટને નિરાશાજનક ગણાવેલ હતું.

તેઓએ નિવેદનમાં જણાવેલ કે, ચૂંટણી આવતી હોય ત્યારે કોઈપણ સરકારનું છેલ્લું બજેટ લોકોને રાહતો અને આકાંક્ષાઓ પૂરી કરતું હોય પરંતુ, ભાજપની સરકારનું વચગાળાનું બજેટ કોઈપણ પ્રકારની રાહત આપનારું નથી.

પ્રમાણિક કરદાતાઓને ઈન્કમટેક્ષના સ્લેબમાં કોઈ મોટી રાહત મળશે તેવી મોટી અપેક્ષા હતી પણ કરદાતાઓને કોઈ રાહત નથી. તેવી પ્રતિક્રિયા આપતા જીલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય પ્રતાપ દુધાત જણાવ્યું હતું કે, ગરીબો અને ગરીબી સતત વધતી જાય છે; મોંઘવારી, બેરોજગારી વધારનારું, અસમાનતા વધારનારું, વિકાસના નામે બેફામ ખર્ચાવાળું, મોટા ઉધોગ ગૃહો–ઉધોગપતિઓને મદદ કરનારું, નાના વેપારી–નાના ઉધોગને મારી નાંખનારું આ અંતિમ બજેટ નિરાશાજનક છે. ગુજરાતના હિરા ઉધોગની સતત માંગ હતી કે, ઈમ્પોર્ટ ડ્યુટી ઘટાડવામાં આવે, હિરા ઉધોગમાં મંદી છે તેમ છતાં ઈમ્પોર્ટ ડયુટીમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. બેજટની જાહેરાતોમાં શબ્દોની સજાવટ છે પરંતુ એ જાહેરાતોને પરીપૂર્ણ કરવા નાણાંની ફાળવણી જોવા મળતી નથી. ડાયરેકટ ટેક્ષ, ઈનડાયરેકટ ટેક્ષ અને ઈમ્પોર્ટ ડયુટીમાં કોઈપણ પ્રકારની રાહત નથી.

૨૦૧૪ થી ૨૦૨૪ દસ વર્ષ દરમ્યાન બજેટમાં વચનો આપવામાં આવ્યા પણ મોટા ભાગની યોજનાના અમલીકરણની વાતો કરવામાં આવે છે પણ પાછળ કોઈ જ ધ્યાન આપવામાં આવતૂ નથી. અનેક યોજનાઓમાં માત્ર પાંચ ટકાથી ૩૫ ટકા સુધીનો જ ખર્ચ થયો છે. દેશની સૌથી મોટી બે સમસ્યા મોંઘવારી અને બેરોજગારી બંને બાબતો માટે આ બજેટમાં કોઈ નક્કર આયોજન જોવા મળતું નથી. જુદી જુદી યોજનાઓના અમલીકરણ અને પરિણામોથી પ્રભાવિત કરી શકાય તેમ નથી એટલે સતત આંકડાઓથી પ્રભાવિત કરવાનો વધુ એક પ્રયાસ વચગાળાના બજેટમાં જોવા મળી રહ્યો છે. આઝાદી પછી પ્રથમ વખત કેન્દ્ર સરકારે આ અંગે સ્વિકારી લઈને આર્થિક સર્વે આ વખતે બહાર પાડયો નથી. જેથી ધુંધળું આર્થિક વિગતો દેશની જનતા સમક્ષ ખુલ્લી ન પડી જાય. એકંદરે બજેટ મહિલાઓ, યુવાનો, ખેડૂતો, નાના વેપારીઓ અને નાના ઉધોગકર્તાઓની સાથે દેશના સામાન્ય નાગરિકો માટે અત્યંત નિરાશાજનક છે.

આ બજેટ નાના માણસો, મહિલાઓ, વિધાર્થીઓ, નાના ધંધાર્થીઓને આશાદાયક હોવું જોઈએ. પરંતુ આ સરકાર મોટા મોટા ઉધોગકારકો અને મૂડીવાડીની સરકાર છે જેથી નાના માણસોને નિરાશા જનક આ બજેટ છે. કેન્દ્રનું આ બજેટમાં કોઈ વર્ગના લોકોને ફાયદો થયેલ નથી. જેમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, ખેડૂતોના પ્રશ્ન કે નાના માણસને માટે કોઈ ઉપયોગી બજેટ નથી. આમ કેન્દ્રીય બજેટને સપનાનું સોદાગર બજેટ ગણાવ્યું હતું.

### ધારાસભ્ય મહેશ કસવાલાએ શહેરીજનોની સમસ્યા દૂર કરી

## સાવરકુંડલા બનશે સુવર્ણ કુંડળા : છેવાડાનાં વિસ્તારનાં રહેવાસીઓનાં હિતમાં નાવલી નદી ઉપર પુલ બનાવાશે

**પુલ બને તે પહેલા જ માર્ગ પંપ હાઉસમાંથી શરૂ કરવાનો નિર્ણય**





સાવરકુંડલા, તા. ૧

સાવરકુંડલા વિસ્તારના છેવાડાના વિસ્તારના લોકો નદીને એક કાંઠેથી બીજા કાંઠે બારેમાસ આવન જાવન કરી શકે તે માટે નદી પર બ્રીજનું સપનું સાકાર થશે. આ સંદર્ભે વાર્ડ નંબર ૭ ના પ્રતિનિધી અને યુવા પત્રકાર સોહીલ શેખ દ્વારા આ વિસ્તારમાં પડતી હાલાકીને પત્ર દ્વારા ધારાસભ્યને રજુઆત કરવામાં આવી હતી. આ રજુઆતને ધ્યાને લઈ આ છેવાડાના વિસ્તારની ધારાસભ્ય મહેશભાઈ કસવાળાએ માત્ર કાગળ પર નહી પરંતુ ખુદ સ્થળ પર હીમાંશુભાઈ ધાનાણી, નૈમીશભાઈ રાઠોડ, અજયભાઈ ધાખડા સાથે અધિકારીઓની ટીમ સાથે જઈને લોકોની હાલાકીનો વાસ્તવિક પરિસ્થિતિનો તાગ મેળવી તલસ્પર્શી અભ્યાસ કરીને બ્રિજ બનાવવા માટે પ્લાનિંગ કર્યું. આમ ગણીએ તો આ વિસ્તાર મહુવા રોડથી કે.કે હાઈસ્કૂલ રોડની વચ્ચે આવેલ નાવલી નદી પાર કરવી એટલે લોકોને માટે ભારે મુશ્કેલીવાળો હતો. જો કે એક ખરાં અર્થમાં જનપ્રતિનિધિ તરીકે આ બાબતની ધારાસભ્યએ ગંભીર નોંધ લઈને જે વર્ષોની રસ્તો ઓળંગવા માટેની મુશ્કલીનો અંત લાવવા માટે આ રસ્તા પર બ્રિજ બનાવવામાં આવશે. જે છેવાડાના વિસ્તારો મણિનગર, નેરા વિસ્તાર, બીડી કામદાર, કેવડાપરા, હાથસણી રોડ, ભાવના સોસાયટી તેમજ સ્કૂલ–કોલેજો અને હાઈસ્કૂલોના વિદ્યાર્થીઓ તેમજ લોકો માટે અત્યંત જરૂરી બની ચૂકેલા બ્રિજ બનાવવા માટેની તૈયારીઓ પુર જોશમાં થઈ રહી છે.

ખાસ તો દેશનું ઉજવળ ભવિષ્ય જેના હાથમાં હશે એ વિદ્યાર્થી આલમ કે જે આ વિસ્તારને ક્રોસ કરીને મહુવા રોડ તરફ જાય છે કે પછી વયોવૃદ્ધ, બીમાર કે અશકત કે નાના બાળકો પણ આ રસ્તો આસાનીથી ઓળંગી શકે તે માટે પણ બ્રીજની તાતી જરૂરિયાત હતી અને આ બાબતની નોંધ સાવરકુંડલાના દુરંદેશી મિજાજ ધરાવતા ધારાસભ્ય દ્વારા લઈને એક વિશાળ જનહિતના લાભાર્થે હવે આ છેવાડાના વિસ્તારના નાવલી નદી પર બ્રીજ બનશે એ દિવસો પણ હવે દૂર નથી. લોકો પણ હવે સ્યંમ મનોમન બોલી રહ્યા છે કે ભાઈ આ ધારાસભ્ય નામના જ નથી પરંતુ ખરેખર ખૂબ કામના છે. લલ્લુભાઈ શેઠ પછી લોકોએ પ્રથમ વખત આવા જનસેવા એ પ્રભુ સેવાના સૂત્રને સાર્થક કરતાં ધારાસભ્ય નિહાળ્યા સોનામાં સુગંધ ભળે તેમ નગરપાલિકાની વર્તમાન શાસક ટીમ પણ ધારાસભ્યના આ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા માટે પ્રતિબધ્ધ છે. આ તકે પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, શરદભાઈ પંડયા, શહેર પ્રમુખ પ્રવિણભાઈ સાવજ, મહામંત્રી રાજુભાઈ નાગ્રેચા, વિજયસિંહ વાઘેલા, તાલુકા પ્રમુખ જીવનભાઈ વેકરીયા, શહેર સંગઠનના હોદેદારો, પાલિકાનાં સદસ્યો તેમજ ભારતીય જનતા પાર્ટીનાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

### લક્ષ્મી ડાયમંડનાં અશોકભાઈ ગજેરા આવ્યા મદદમાં

## અમરેલીની ગજેરા સ્કૂલ વિદ્યાસભામાં અભ્યાસ કરતાં જરૂરિયાતમંદ બાળકોને રૂપિયા ૧૫ લાખની સહાય

**ગરીબ પરિવારો અને સ્ટાફગણ દ્વારા જાહેરાતને આવકાર**




અમરેલી, તા. ૧

શ્રીમતીશાંતાબેનહરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા ખાતે ૨૬મી જાન્યુઆરીનાં દિવસે લક્ષ્મી ડાયમંડ મુંબઈનાં ચેરમેન અશોકભાઈ ગજેરા હાજર રહ્યા હતા. વિદ્યાર્થીઓ શિક્ષણ અને સ્પોર્ટ ક્ષેત્રે તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખૂબ સારૂ પરિણામ પ્રાપ્ત કરી રહ્યા છે તે જાણી આનંદની લાગણી અનુભવી હતી. તે સાથે જ અમુક જરૂરિયાતમંદ બાળકો સારી સંસ્થામાં પોતાનું ઉજ્જવળ જીવન ઘડતર કરી શકતા ન હોય તે માટે તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લક્ષમાં રાખી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ૧૫ લાખ રૂપિયા સહાયની ઘોષણા કરેલ હતી. જેઓના પિતા હયાત ન હોય અથવા ઘરે કોઈ ગંભીર બીમારી હોય અને અભ્યાસમાં હોંશિયાર, સંસ્થામાં કામગીરી કરતા કર્મચારીઓના બાળકો, વિદ્યાર્થીઓને સહાયનો લાભ આપવા જણાવેલ હતું. આ બાળકોનાં જીવન ઉજાગર કરે તેવી જાહેરાતથી તમામ સ્ટાફ–સ્ટુડન્ટસ ખુશી વ્યકત કરી હતી.


વસંતભાઈ ગજેરા શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓના સર્વોત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ થાય તે માટે શ્રેષ્ઠ શિક્ષણ માટે હંમેશા પ્રયત્નશીલ છે. અમરેલીમાં પટેલ સંકુલ અને વિદ્યાસભા કેમ્પસમાં વિદ્યાર્થીઓને માટે સારામાં સારી સવલતો, અત્યાધુનીક ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભું કરી અમરેલી જિલ્લાને જ નહીં પરંતુ મેગા સીટીનાં વિદ્યાર્થીઓને પણ લાખો વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર કરેલ છે. ત્યારે તેમના લઘુબંધુ અશોકભાઈ ગજેરા પણ આ જાહેરાત સાથે સાથે સંસ્થામાં જે પણ જરૂરિયાત હોય તે પૂરી પાડવા જણાવેલ હતું અને આ તકે એ પણ કહ્યું હતું કે ગજેરા પરિવાર ધ્વારા અમરેલીમાં સારામાં સારૂ શિક્ષણ મળે તે માટે કેમ્પસમાં વધુમાં વધુ સવલતો ઉભી કરવામાં આવશે તેવી ખાત્રી આપીએ છીએ. આ તકે અશોકભાઈ ગજેરા અને વસંતભાઈ ગજેરા–પ્રમુખનો મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખૂંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી અને પ્રિન્સિપાલોએ આભાર વ્યકત કર્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### અમરેલીના ધારાસભ્ય અને નાયબ દંડકે બજેટને આવકાર્યુ

## કેન્દ્રની ભાજપ સરકારે રજુ કરેલ વચગાળાનાં બજેટથી વિકસિત ભારતનાં સંકલ્પને વેગ મળશે

**પ્રધાનમંત્રી અને નાણામંત્રીએ ગરીબો, ખેડૂતો અને મહિલાઓને ખુશ કર્યો**







અમરેલી, તા.૧

અમરેલીનાં ધારાસભ્ય અને નાયબ દંડક કૌશિક વેકરિયાએ બજેટને આવકાર જણાવેલ છે. કે આજે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારામના રજુ કરેલું વચગાળ ાનું બજેટ 'સબકા સાથ, સબકા વિકાસ'નાં સંકલ્પને વધારે મજબુત બનાવતું બજેટ છે. વિકસિત ભારતનાં ચાર સ્તંભ સમાન યુવાનો, મહિલાઓ, ગરીબો અને અન્નદાતાઓનાં સશકિતકરણનો કેન્દ્રમાં રાખી આ બજેટ રજુ કરાયું છે.

વધુમાં જણાવેલ છે કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુત્ર 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન અને જય સંશોધન'ને સાકાર કરતા આ બજેટમાં રિસર્ચ અને ઈનોવેશન માટે ૧ લાખ કરોડનાં ફંડની ઘોષણા કરવામાં આવી છે. જે ભારતને સંશોધન ક્ષેત્રે વધુ મજબુત બનાવવામાં સહાય કરશે.

આ બજેટમાં પણ મહિલાઓના સ્વાસ્થ્ય અને એમની આત્મનિર્ભરતાને વધુ મહત્વ આપવામાં આવ્યું છે. સર્વાઈકલ કેન્સરનાં રસીકરણને વેગ આપી ૩ કરોડ લખપતિ દીદીનો લક્ષ્યાંક અને આશાબહેનોને આયુષ્યમાન યોજનાનો લાભ આપણાં દેશની મહિલાઓને વધુ સશકત બનાવશે એનો મને વિશ્વાસ છે.

વધુમાં જણાવેલ છે કે આ બજેટમાં કિસાન સન્માન યોજનાની રકમમાં વધારો કરી, મહિલા ખેડૂતોને પણ પ્રોત્સાહન અપાયું છે.

મોદી સરકારે ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત ખાતાઓમાં ૩૪ લાખ કરોડ નાંખી ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી ઉગાર્યા છે. આ બેજટમાં નવા સ્ટાર્ટઅપ માટે ટેકસ મુકિત એક વર્ષ માટે લંબાવી યુવાનોના સપનાઓને નવી પાંખો પહેરાવી છે.

વધુમા જણાવેલ છે કે આજે રજુ થયેલું વચગાળાનું બજેટ વિકસિત ભારતનાં સંકલ્પને વેગ આપશે અને દેશનાં કરોડો નાગરિકોના સપના, આકાક્ષાઓનો પુર્ણ કરવામાં મદદ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતનાં સંકલ્પને ગતિ આપનારૂ આ બજેટ ભારતનાં અમૃતકાળને ચોકકસ જ 'કર્તવ્યકાળ' બનાવશે !

આ બજેટને હું આવકારૂ છુ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો હૃદયપુર્વક આભાર માનુ છું અને નાણા મંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજીનો અભિનંદન પાઠવું છું. તેમ અંતમાં જણાવેલ છે.

## ઉનાનાં સૈયદ રાજપરા ગામનાં રહેવાસીઓની મુશ્કેલી વધી


# રાજાશાહી વખતમાં બનાવાયેલ પ્રોટેકશન દીવાલ બિસ્માર બની

**૩ વર્ષ પૂર્વે આવેલ વાવાઝોડામાં દીવાલમાં ગાબડા પડયા બાદ દર ચોમાસે વધુમાં વધુ નુકસાન થઈ રહ્યું છે**

**દીવાલ તૂટી જવાનાં લીધે દરિયાકાંઠે રહેતા ગામજનો સતત ભયનાં ઓથરતળે જોવા મળે છે**

**દર વર્ષે ચોમાસામાં દીવાલને સતત નુકસાન થતું હોય વહીવટીતંત્ર મંજૂરીની ફાઈલ આમથી તેમ ફેરવે છે**

**૧૨ હજારની જનસંખ્યામાં સતત ભય ઉભો થયો હોય ઝડપથી દીવાલનું રીનોવેશન થાય તેવી માંગ**



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧

ઉના તાલુકાના સૈયદ રાજપરા દરિયાઈ બંદર પર રાજાશાહી વખતથી બનાવવામાં આવેલ પ્રોટેકશન દીવાલમાં ત્રણ વર્ષ પૂર્વે આવેલ વાવાઝોડામાં સામાન્ય ગાબડા પડયા બાદ દર ચોમાસે આવતા વાવાઝોડાના કારણે મોજાની થપાટ લાગતા આ પ્રોટેકશન દીવાલ તૂટી ગઈ છે અને બે સ્થળોએ અંદાજિત ૧૮–૧૮ ફૂટ જેટલી દીવાલ તૂટી જવાના કારણે કાંઠા પર વસવાટ કરતા લોકો ભય અનુભવી રહ્યા છે. ત્યારે આ પ્રોટેકશન દીવાલ વહેલી તકે બનાવવા માંગ કરાઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર ઉનાના દરિયાઈ બંદર પર આવેલ સૈયદ રાજપરા ગામે વર્ષો પૂર્વે દરિયાનું ખારાશવાળું પાણી આગળ વધતું અટકાવવા ક્ષાર અંકુશ વિભાગ દ્વારા પ્રોટેકશન દીવાલ બનાવવામાં આવેલ હોય અને તોકતે વાવાઝોડું, બીપોરજોય વાવાઝોડા સહિતના વાવાઝોડાના કારણે આ દીવાલોમાં સામાન્ય ગાબડા પડયા બાદ અંદાજિત ૧૮–૧૮ ફૂટના બે સ્થળોએ ગાબડા પડી ગયા હોય અને કાંઠા પર બનાવવામાં આવેલ નવ જેટલા મકાનો પણ ધરાશાઈ થયા હતા જેમાં વસવાટ કરતા ૧૫ જેટલા પરિવારોને વાવાઝોડા સમયે અન્ય સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.

ત્યારે આ સૈયદ રાજપરા ગામ દરિયાઈ પટ્ટી પરનું હોય જેમાં ગામ લોકોની અંદાજિત ૧૨૦૦૦ જેટલી વસ્તી અને આસપાસના વિસ્તારોમાંથી ૪૦૦૦ જેટલા માછીમારો માછીમારી કરવા માટે સૈયદ રાજપરામાં આવતા હોય છે. જયારે જયારે વાવાઝોડાને કારણે દરિયામાં કરંટના કારણે ૧૦–૧૦ ફૂટ ઊંચા મોજા ઉછળતા હોય છે ત્યારે કાંઠા પર રહેતા લોકોના જીવ તાળવે ચોટી જતા હોય છે. જયારે આ સૈયદ રાજપરા ગામની પ્રોટેકશન દીવાલ પાસેના મકાનો ધરાશાઈ થયા હોવાની ઘટનાઓ બની છે જેને લઈ ગ્રામ પંચાયત સરપંચ, ગામના આગેવાનો સહિતનાઓએ આ પ્રોટેકશન દીવાલ વહેલીતકે બનાવવામાં આવે તે બાબતને લઈ ઉના પ્રાંત અધિકારી, ઉના મામલતદાર અને ક્ષાર અંકુશ વિભાગને લેખિત–મૌખિક રજૂઆત પણ કરેલ છે. ત્યારે ક્ષાર અંકુશ વિભાગ ઉના દ્વારા આ દરિયાઈ પ્રોટેકશન દીવાલનો સર્વે કરી કાર્યપાલક ઈજનેર સિંચાઈ વિભાગને દીવાલની સૈદ્ધાંતિક મંજૂરી આપવા જાણ કરવામાં આવી છે. ત્યારે સરકાર દ્વારા આ પ્રોટેકશન દીવાલની કામગીરી વહેલી તકે મંજુર કરી ચોમાસા પહેલા બનાવવામાં આવે તેવી ગામ લોકો દ્વારા માંગ કરવામાં આવી હતી.

## પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ માંગ કરી

# બોલો, બોલો, કુછ તો બોલો : ભારત દેશની મોંઘવારી, બેરોજગારી, ચીનની ઘુષણખોરી અંગે કાંઈક તો બોલો

### દર વર્ષે ૨ કરોડ રોજગારી આપવાની વાતો કયાં ખોવાઈ ગઈ ?

અમરેલી, તા. ૧

અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે એક નિવેદનમાં જણાવ્યું છે કે, વડાપ્રધાન જે ચૂંટણી રેલીઓ અને ઉદ્દ્ઘાટનોમાં ઘણું બોલતા હતા તે આજે દેશના તમામ મહત્વના મુદ્દાઓ પર મૌન છે. તેમને દેશની સમસ્યાઓ અને દેશવાસીઓની દુર્દશા સાથે કોઈ લેવાદેવા નથી. આજે દેશ સરહદની સુરક્ષાથી લઈને બેરોજગારી, ભુખમરો, ગુનાખોરી વગેરે જેવી અનેક મોટી સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે, જેના કારણે દેશનું ભવિષ્ય જોખમમાં મુકાઈ રહ્યું છે. અચા સમસ્યાઓનો ગંભીરતાથી ઉકેલ લાવવાની સરકારની ફરજ છે. પરંતુ વિટંબણા એ છે કે સરકાર વિપક્ષને ડરાવવાની અને ભ્રષ્ટાચારમાં સંડોવવામાં ફુરસદ નથી. આજે ચીન સરહદ પર ભારત વિરૂદ્ધ ખતરનાક ષડયંત્ર રચી રહ્યું છે તે કહે છે કે લદ્દાખ ભારતનો નહીં પણ ચીનનો ભાગ છે.. તાજેતરમાં લદ્દાખ ખાતે ચીની સૈનીકો ઘુસીને આપણા પશુપાલકોને ıપણી ભુમિમાં ચરાવતાં અટકાવવાનો પ્રયાસ કરેલ. પરંતુ લદ્દાખ પશુપાલોની હિંમતને પણ બિરદાવી શકયાનથી દુઃખદ છે. આ પહેલા પણ ચીને એકપછી એક અનેક દુષ્કર્મ આચર્યા છે. ચીનને જડબાતોડ જવાબ આપવાને બદલે સરકારની નિષ્ફળતા અને વડાપ્રધાનનાં મૌનથી ચીનનું મનોબળ વધ્યું. પરિણામે આજે ચીન ભારત માટે મોટો ખતરો બની રહ્યું છે. આનાથી પણ વધુ કમનસીબી એ છે કે કાયર વડાપ્રધાન અને સરકાર હજુ પણ સંપૂર્ણ મૌન જાળવે છે.

આજે દેશમાં બેરોજગારીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યુ છે. ગઈકાલે અને પ્રતિભાશાળી યુવાનોને નોકરી માટે થાંભલાથી પોસ્ટ સુધી દોડવાની ફરજ પડી છે. દેશના લાખો સક્ષમ યુવાનોમાં તનાવ અને હતાશા પેદા થઈ રહી છે



તેઓ નિરાશ અને હતાશ છે. આજે યુવાનો સરકારને સવાલ કરી રહ્યા છે કે મોદીની ૨ કરોડ વાર્ષિક નોકરીઓ કયાં ગઈ ? તાજેતરમાં આઈ.એમ.એફ.એ ચેતવણી આપી હતી કે ભારતનું કુલ દેવું ભારતનાં જીડીપી કરતા વધુ થવાનું છે. સરકાર પ્રજા પાસેથી વિવિધ પ્રકારનાં કરવેરા વસુલી રહી છે અને વિદેશમાંથી પણ મનસ્વી લોન લઈ રહી છે પરંતુ આ પૈસાનું શું કરવામાં આવી રહ્યું છે, મોદીજી જનતાને હિસાબ નથી જણાવી રહ્યા. આ દેશ સાથે વિશ્વાસઘાત છે.

આજે મોંઘવારી દેશની જનતા સામે સૌથી મોટી કટોકટી છે. સામાન્ય માણસનાં પરિવારનું બજેટ સદંતર નિષ્ફળ ગયું છે. સરકારની નીતિઓને કારણે નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થઈ રહ્યા છે. આવી સ્થિતિમાં, સામાન્ય માણસ સમક્ષ સૌથી મોટો પ્રશ્ન એ છે કે તેના પરિવારને શું ખવડાવવું અને પોતે શું ખાવું ? વડાપ્રધાને દેશનાં મહત્વનાં મુદ્દાઓ પર બોલવું જોઈએ અને નાગરિકોની સાથે ઉભા રહેવું જોઈએ. વડાપ્રધાન એ તમામ મુદ્દાઓ પર બોલવું જોઈએ અને નાગરિકોની સાથે ઉભા રહેવું જોઈએ. વડાપ્રધાન એ તમામ મુદ્દાઓ પર મૌન છે અને કયાંય દેખાતા નથી. ૧૪૦ કરોડ લોકોની આ લોકશાહીમાં વડાપ્રધાન દેશનાં પ્રશ્નો અને લોકોની સમસ્યાઓને ટાળે છે તે દેશની



કમનસીબી નથી તો શું છે ?

દેશની અંદર એક સુંદર રાજય આઠ મહિનાથી નફરતની આગમાં સળગી રહ્યું છે. રાજયની ભાજપ સરકાર રાજયની જનતાનું રક્ષણ કરવામાં સદંતર નિષ્ફળ ગઈ છે. ચૂંટણીના સમીકરણને ફિટ કરવા માટે રાતોરાત મુખ્યમંત્રી બદલી નાખનાર મોદીજી, ઘણી બધી નિષ્ફળ તા છતાં, મણિપુરનાં મુખ્યમંત્રીને હટાવવાને બદલે, મણિપુરની જનતાને તેમના ભાગ્ય પર છોડી દે છે. આજે અહીંના લોકો ઘર છોડીને હિજરત કરવા મજબુર છે જેસ્થળાંતર નથી કરી રહ્યા તેની નિર્દય બદમાશો દ્વારા હત્યા કરવામાં આવી રહી છે. આજે ભાજપ શાસિત રાજયોમાં મહિલાઓ સામેના ગુનાઓ, દલિતો અને આદિવાસીઓ સામેના ગુનાઓ ચરમસીમાએ પહોંચી ગયા છે. આ રાજયોમાં સરકાર સમર્થિત ગુંડાગીરી અને ગુનાખોરીની નવી વ્યવસ્થા ઉભી થઈ છે, જે સમાજનાં વંચિત વર્ગો પર અત્યાચાર કરી રહી છે. પરંતુ વંચિતો પર થઈ રહેલા અત્યાચાર પર વડાપ્રધાન એક શબ્દ પણ બોલે તેમાં શું વાંધો છે અને ગમે તેમ કરીને દેશને ગૌરવ અપાવનારી દીકરીઓ પર થઈ રહેલા અત્યાચાર અંગે મૌન રહેનાર વડાપ્રધાન કેવી રીતે કહેશે? વંચિતો પર કંઈપણ તેમ ઠુંમરે અંતમાં જણાવ્યું હતું.



















### નાણાંમંત્રીએ લોકસભાની ચૂંટણી પહેલાં છેલ્લું વચગાળાનું બજેટ રજૂ કર્યું

# લોકસભાની ચૂંટણી પહેલાં કોઈ ખાસ રાહત વિનાનું કેન્દ્રીય બજેટ

## જીડીપી સામે રાજકોષીય ખાધને સુધારીને ૫.૮ ટકા કરાઈ : ૨૦૨૪-૨૫ માટે રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના કુલ કદના ૫.૧ ટકા સુધી ઘટાડાયો

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભાની ચૂંટણી પહેલાના છેલ્લા વચગાળા બજેટમાં સામાન્ય લોકોને કોઈ ખાસ રાહત આપી નથી. નાણાંમંત્રીએ માત્ર એક કલાકમાં બજેટ રજૂ કરી દીધું હતું. તેમણે તેમના બજેટના ભાષણાં સરકારની સિધ્ધિઓ પર વધુ જોર આપતા કેટલાક ક્ષેત્રો માટે કેટલિક યોજનાઓની જાહેરાત કરી હતી. દેશના સામાન્ય કરદાતાઓને કોઈ રાહત આપી નથી અને ટેક્સ સ્લેબ અને ટેક્સ સિસ્ટમમાં કોઈ ફેરફાર કર્યો નથી. આનો અર્થ એ છે કે તમે જે દરે ટેક્સ ચૂકવો છો તે જ દરે તમારે આવકવેરો ચૂકવવો પડશે.

નાણામંત્રીએ કહ્યું કે જીડીપી સામે દેશની રાજકોષીય ખાધને સુધારીને ૫.૮ ટકા કરવામાં આવી છે. ટેક્સ રિસિપ્ટ બજેટમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. અમે રાજકોષીય એકત્રીકરણના લક્ષ્યને સુધારી રહ્યા છીએ. ૨૪-૨૫ માટે દેશની રાજકોષીય ખાધનો લક્ષ્યાંક જીડીપીના કુલ કદના ૫.૧ ટકા સુધી ઘટાડવામાં આવી રહ્યો છે.

નાણામંત્રીના બજેટ ભાષણમાં જણાવ્યું હતું કે વિકાસ કાર્યક્રમોમાં રેકોર્ડ સમયમાં બધા માટે આવાસ, દરેક ઘર માટે પાણી, બધા માટે વીજળી, બધા માટે રાંધણગેસ અને બધા માટે બેંક ખાતાનો લાભ આપવામાં આવ્યો છે. નાણાકીય સેવાઓ દ્વારા દરેક ઘર અને વ્યક્તિને આર્થિક રીતે સક્ષમ બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. સરકારની સિદ્ધિઓ ગણાવતા નાણામંત્રીએ કહ્યું કે આ બજેટ ભવિષ્યમાં વિકસિત ભારતનો રોડમેપ બનાવવામાં પણ મદદરૂપ થશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે ૧૦ વર્ષમાં એરપોર્ટની સંખ્યા બમણી કરવામાં આવી છે અને દેશમાં ૧૦૦૦ થી વધુ નવા એરક્રાફ્ટનો ઓર્ડર આપવામાં આવ્યો છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર ૧૧લાખ ૧૧ હજાર ૧૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ થશે અને તેના ખર્ચમાં ૧૧ ટકાનો વધારો કરવામાં આવી રહ્યો છે. રેલવે માટે જાહેરાત કરતી વખતે નાણામંત્રીએ કહ્યું કે વંદે ભારતમાં ૪૦ હજાર બોગીને અપગ્રેડ કરવામાં આવશે.

નાણામંત્રીએ કહ્યું કે દેશમાં મહિલાઓ માટે ઘણી યોજનાઓ ચલાવવામાં આવી રહી છે જે તેમના આર્થિક અને સામાજિક વિકાસ તરફ દોરી રહી છે. લખપતિ દીદી યોજના હેઠળ દેશમાં ૧ કરોડ લખપતિ દીદીઓ બની છે. તેનો લક્ષ્યાંછક ૨ કરોડથી વધારીને ૩ કરોડ કરવામાં આવ્યો છે અને ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ૯ થી ૧૪ વર્ષની વયની છોકરીઓને સર્વાઈકલ કેન્સરની રસી આપવામાં આવશે જેથી આ કેન્સરને અટકાવી શકાય.

પીએમ આવાસ હેઠળ ૭૦ ટકા ઘર મહિલાઓને આપવામાં આવ્યા છે. પીએમ સંપદા યોજનાથી ૩૮ લાખ ખેડૂતોને ફાયદો થયો છે. ૯ થી ૧૪ વર્ષની છોકરીઓને સર્વાઈકલ કેન્સરની રસી આપવામાં આવશે. આયુષ્માન ભારતનો લાભ તમામ આશા વર્કર અને આંગણવાડી કાર્યકરોને આપવામાં આવશે. મધ્યમ વર્ગ માટે આવાસ યોજના શરૂ કરવામાં આવશે અને ૧ કરોડ સોલાર પેનલ પરિવારોને મફત વીજળી આપવાની સરકારની યોજના ગેમ ચેન્જર સાબિત થશે.

સરકાર એવી આર્થિક નીતિ અપનાવશે જે લોકોની આકાંક્ષાઓને પૂર્ણ કરશે અને સર્વસમાવેશક વિકાસ તરફ દોરી જશે. આર્થિક નીતિઓને અસરકારક રીતે લાગુ કરવા માટે રાજ્યો સાથે મળીને કામ કરશે. સરકારનો ૩ કરોડ મકાનો બનાવવાનો લક્ષ્યાં ક હાંસલ કરવામાં આવ્યો છે અને આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધુ મકાનો બનાવવાનું લક્ષ્ય છે. રૂફ ટોપ સોલાર સ્કીમ હેઠળ, લોકોને ૩૦૦ યુનિટ વીજળી મફતમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે - નાણાં પ્રધાને બજેટ ભાષણ દરમિયાન જણાવ્યું હતું.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, સર્વાઈકલ કેન્સરને રોકવા માટે પ્રયાસો કરવામાં આવશે. આ માટે રસીકરણ કરશે. ખેડૂતોની આવક વધારવાના પ્રયાસો કરવામાં આવશે. મિશન ઈન્દ્રધનુષમાં રસીકરણ વધારવામાં આવશે. નવી મેડિકલ કોલેજો ખોલવામાં આવશે. આ માટે કમિટી બનાવશે. ૯ થી ૧૪ વર્ષની કન્યાઓને વિનામૂલ્યે રસીકરણ કરવામાં આવશે. નેનો ડીએપીનો ઉપયોગ પાક પર કરવામાં આવશે. ડેરી વિકાસ ક્ષેત્રે સારું કામ થશે. ડેરી ખેડૂતોને પ્રોત્સાહન આપવામાં આવશે. ૧૩૬૧ મંડીઓને ઈનેમસાથે જોડવામાં આવશે. આગામી ૫ વર્ષમાં વિકાસની નવી વ્યાખ્યા બનાવીશું. આશા બહેનોને પણ આયુષ્માન યોજનાનો લાભ આપવામાં આવશે. તેલીબિયાં પર સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવશે. દર મહિને ૩૦૦ યુનિટ વીજળી મફત આપવામાં આવશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, લખપતિ દીદીને પ્રમોટ કરવામાં આવશે. પગાર ૨ કરોડથી વધારીને ૩ કરોડ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૯ કરોડ મહિલાઓના જીવનમાં પરિવર્તન આવ્યું છે. સ્વનિર્ભરતા લખપતિ દીદીમાંથી આવી છે. આંગણવાડીના કાર્યક્રમો ઝડપી કરવામાં આવશે. અત્યાર સુધી એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવવામાં આવી છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે જન ધન ખાતામાં પૈસા જમા કરીને ૨.૭ લાખ કરોડ રૂપિયાની બચત થઈ છે અને સરકારનું આર્થિક સંચાલન એટલું ઉચ્ચ સ્તરનું છે કે તેણે દેશને નવી દિશા અને નવી આશા આપી છે. મોદી સરકારે એવી વ્યવસ્થા કરી છે કે દેશના તમામ રાજ્યો અને વર્ગો દેશની આર્થિક પ્રગતિનો સામૂહિક રીતે લાભ મેળવી શકે. નાણાકીય ક્ષેત્રને વધુ મજબૂત અને વધુ સરળતાથી કામ કરવા સક્ષમ બનાવવામાં આવી રહ્યું છે. દેશમાં મોંઘવારી સંબંધિત મુશ્કેલ પડકારો દૂર કરવામાં આવી રહ્યા છે અને ફુગાવાના આંકડા નીચે આવ્યા છે.

### ચૂંટણી નજીક છતાં બજેટમાં લોભામણી જાહેરાતો ન કરાઈ

# સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવા તૈયારી

## મેટ્રો અને નમો રેલને અન્ય શહેરોમાં પણ શરુ કરાશે

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે વચગાળાનું બજેટ રજૂ કરી દીધું છે.

લગભગ એક જ કલાકના ભાષણમાં તેમણે આ વખતે લોકોને આકર્ષિત કરે તેવી લોભામણી જાહેરાતો કરવાથી કિનારો કરી લીધો હોય તેવું દેખાયું છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારનું છઠ્ઠું બજેટ રજૂ કર્યું હતું. ચૂંટણી પૂર્વેના બજેટને વચગાળાનું બજેટ કહેવાય છે. બજેટ ભાષણ પૂરું થયા બાદ હવે ગૃહની કાર્યવાહીને આવતીકાલ સુધી સ્થગિત કરી દેવામાં આવી હતી. નાણામંત્રીએ આ બજેટમાં ટ્રાન્સપોર્ટ અને રેલવે માટે મોટી જાહેરાતો કરી છે.

સરકાર સામાન્ય ટ્રેનોના કોચ બદલીને વંદે ભારત જેવા બનાવવાની તૈયારી કરી રહી છે. આ ઉપરાંત મેટ્રો અને નમો રેલને અન્ય શહેરોમાં પણ શરુ કરવામાં આવશે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે આજે નવી સંસદમાં પ્રથમ વખત અને કુલ છઠ્ઠી વખત બજેટ રજૂ કર્યું હતું. આ બજેટ દરમિયાન નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, "યાત્રીઓની સલામતી, સુવિધા અને આરામ માટે ૪૦,૦૦૦ સામાન્ય રેલવે કોચને વંદેભારત ટ્રેનના કોચની જેમ અપગ્રેડ કરવામાં આવશે. આ સાથે નાણામંત્રીએ ઊર્જા, ખનીજ અને સિમેન્ટ માટે ત્રણ નવા રેલ કોરિડોર બનાવવાની પણ જાહેરાત કરી છે, આ કોરિડોરની ઓળખ પીએમ ગતિ શક્તિ હેઠળ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આ કોરિડોરથી ખર્ચમાં ઘટાડો થશે અને માલસામાનની હેરફેરમાં સરળતા રહેશે. આ ઉપરાંત ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરનું કામ પણ ચાલી રહ્યું છે જે દેશનો વિકાસ દર વધારવામાં પણ મદદ કરશે.

### કચ્છમાં મેન ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય

# કચ્છમાં ફરી ૪.૧ની તીવ્રતાનો ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

## કચ્છમાં અગાઉ ૨૮મી જાન્યુઆરીએ ૪.૭ અને ૬ જાન્યુઆરીએ ૪.૧નો આંચકો અનુભવાયા હતા

ભૂજ, તા.૧

કચ્છમાં ફરી ધરતી ધ્રૂજી છે. આજે સવારે ૮.૦૬ કલાકે ૪.૧નો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપના આંચકાની અસર જિલ્લાના અનેક વિસ્તારોમાં અનુભવાઈ છે. ભૂકંપના આંચકાને કારણે લોકો ઘરની બહાર દોડી આવ્યા છે. કચ્છમાં અગાઉ ૨૮મી જાન્યુઆરીએ ૪.૭ અને ૬ જાન્યુઆરીએ ૪.૧નો આંચકો અનુભવાયા હતા. કચ્છમાં મેન ફોલ્ટલાઈન વર્ષોથી સક્રિય છે અને ધરતીની બે પ્લેટ ટકરાતી હોવાથી અહીં ઘણીવાર ભૂકંપ અનુભવાતા રહે છે. વર્ષ ૨૦૦૧ના મહાવિનાશક ભૂકંપ બાદ રાજ્યમાં ઘણીવાર આંચકા અનુભવાયા છે. ૨૦૨૨માં ૪થી વધુ તીવ્રતાનો માત્ર એક ભૂકંપ અને તે પણ સૌરાષ્ટ્રના તલાલા વિસ્તારમાં નોંધાયો હતો. ૨૦૨૩માં ગુજરાતમાં ૪.૦થી વધુ તીવ્રતાના ૪ ભૂકંપો આવ્યા છે, જે કચ્છના દુધઈમાં ૨, ખાવડા પંથકમાં ૧, ઉત્તર ગુજરાતના વાવ પાસે એક નોંધાયેલ છે. જ્યારે ૨૦૨૧માં ૪.૦ની તીવ્રતાના ૭ ભૂકંપો નોંધાયા હતા. આમ, એક વર્ષ બાદ ફરી ધરતીના પેટાળમાં ગતિવિધિઓ વધી છે.

### નવા સંસદ ભવનમાં નાણાંમંત્રીએ પહેલું બજેટ રજૂ કર્યું

# નિર્મલા સીતારમણનું આ બજેટ સર્વસમાવેશક-નવીન છે : મોદી

## બજેટ વિકસિત ભારતના ચારેય સ્તંભો યુવા, ગરીબ, મહિલાઓ અને ખેડૂતો તમામને સશક્ત બનાવશે : મોદી

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે સંસદમાં ૨૦૨૪-૨૫નું વચગાળાનું બજેટ રજૂ કરી દીધું છે. દેશની નવી સંસદમાં નાણામંત્રીએ પ્રથમ બજેટ રજૂ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચગાળાના બજેટ વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા. વડાપ્રધાને કહ્યું કે નાણામંત્રી નિર્મલા સીતારમણનું આ બજેટ સર્વસમાવેશક અને નવીન છે. તેમજ આ બજેટ વિકસિત ભારતના ચારેય સ્તંભો યુવા, ગરીબ, મહિલાઓ અને ખેડૂતો તમામને સશક્ત બનાવશે. આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ બજેટ દેશના નિર્માણનું બજેટ છે અને 'હું નાણામંત્રી અને તેમની સમગ્ર ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

વડાપ્રધાન મોદીએ યુવાનોની વાત કરતા કહ્યું કે આ બજેટ યુવા ભારતની યુવા આકાંક્ષાઓનું પ્રતિબિંબ છે. આજના બજેટમાં દેશમાં સંશોધન અને ઈનોવેશનને મજબૂત કરવા ફંડ બનાવવા માટે ૧ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. બજેટમાં મૂડી ખર્ચમાં ૧૧,૧૧,૧૧૧ કરોડ રૂપિયાનો ઐતિહાસિક વધારો પણ સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. રૂફટોપ સોલાર અભિયાનમાં ૧ કરોડ પરિવારોને મફત વીજળી મળશે. સરકારને વધારાની વીજળી વેચીને લોકો વાર્ષિક ૧૫-૨૦ હજાર રૂપિયા સુધીની કમાણી કરી શકશે. આ ઉપરાંત વડાપ્રધાને જણાવ્યું કે આ બજેટ ૨૦૪૭ના વિકસિત ભારતનો પાયો મજબૂત કરવાની ખાતરી આપે છે.

નિર્મલા સીતારમણે એક કલાક કરતાં ઓછા સમયમાં વચગાળાનું બજેટ રજૂ કરી દીધુ હતું. નાણામંત્રીએ તેમના ભાષણમાં સરકારની વિવિધ યોજનાઓ, મહિલાઓ અને યુવાનોના સશક્તિકરણ અને પ્રવાસન સહિત અન્ય બાબતો વિશે વાત કરી હતી.

આજે બજેટ રજૂ કરતાની સાથે જ નિર્મલા સીતારમણે સતત ૬ બજેટ રજૂ કરવાનો રેકોર્ડ બનાવ્યો છે. આમ કરનાર તેઓ દેશના બીજા નાણામંત્રી બન્યા છે. આ પહેલા આ રેકોર્ડ માત્ર પૂર્વ પીએમ મોરારજી દેસાઈના નામે હતો.

### માત્ર એક કલાકમાં જ બજેટ ભાષણનું સમાપન

# વચગાળાના બજેટમાં કરાયેલી મહત્વની જાહેરાતો

## નાણાંમંત્રી સીતારમણે તેમના પ્રથમ બજેટમાં સામાન્ય કરદાતા સહિત નાગરિકોને ખાસ કોઈ રાહત ન આપી

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે લોકસભા ચૂંટણી ટાણે વચગાળાનું બજેટ રજૂ કરી દીધું. આ વખતે તેમણે ફક્ત ૧ જ કલાકમાં બજેટ ભાષણનું સમાપન કરી દીધું. જેમાં એવી અનેક જાહેરાતો થઈ અને એવી અનેક આશાઓ પર પાણી ફરી ગયું જે સરકારના બજેટથી રાખવામાં આવી હતી. આ વખતે વચગાળાના આ બજેટમાં કઈ કઈ જાહેરાતો સરકાર દ્વારા કરવામાં આવી અને કયા કયા મુદ્દાઓને આવરી લેવાનો પ્રયાસ કરાયો તે નીચે મુજબ છે.

૧. વચગાળાના બજેટમાં આ વખતે ઈક્મ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર નથી કરાયા. એટલે કે કરદાતાઓને કોઈ રાહત મળી નથી.

૨. રેલવેથી લઈને અન્ય સેક્ટર સુધીના પ્રોજેક્ટ માટે સરકારે તેનું વિઝન રજૂ કર્યું છે. ત્રણ નવા રેલવે કોરિડોર બનાવાશે. યાત્રી ટ્રેનોમાં મોટાપાયે સુધારા કરાશે. ૪૦ હજાર સામાન્ય કોચને વંદે ભારતમાં રૂપાંતરિત કરાશે.

૩. સ્ટાર્ટઅપ માટે ટેક્સ છૂટમાં એક વર્ષનો વધારો કરાયો છે.

૪. લખપતિ દીદી યોજનાનું વિસ્તરણ કરાયું.

૫. રાજ્યોને વ્યાજમુક્ત લોન આપવાનું ચાલુ રખાશે.

૬. ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે ૧૧ ટકા ખર્ચ વધુ કરાશે.

૭. સંરક્ષણ ક્ષેત્ર ૧૧.૧% ખર્ચ વધારવામાં આવશે જે જીડીપીનો ૩.૪% હશે.

૮. રાજકોષીય ખાધ ૫.૧% રહેવાનું અનુમાન છે. ૪૪.૯૦ કરોડ રૂ. ખર્ચ થયો છે જ્યારે ૩૦ લાખ કરોડ રૂપિયાની આવક થઈ છે.

૯. આંગણવાડી વર્કરોને હવે આયુષ્યમાન યોજનાનો લાભ અપાશે.

૧૦. તેલીબિયાંની રિસર્ચને પ્રોત્સાહિત કરાશે.

૧૧. ઈલેક્ટ્રિક વાહનોને પ્રોત્સાહિત કરાશે.

૧૨. રૂફટૉપ સોલર પ્લાન હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યૂનિટ/મહિનો ફ્રી વીજળી

૧૩. સર્વાઈકલ કેન્સરની વેક્સિનેશન પર ધ્યાન અપાશે. ૯-૧૪ વર્ષની છોકરીઓના વેક્સિનેશન પર ખાસ ધ્યાન અપાશે. માતૃ અને શિશુ દેખરેખની યોજનાને પ્રોત્સાહન અપાશે.

૧૪. સરકાર મધ્યમ વર્ગના લોકો માટે આવાસ યોજના લાવશે. આગામી ૫ વર્ષમાં વધુ ૨ કરોડ બનાવશે. પીએમ આવાસ યોજના હેઠળ ૩ કરોડ ઘર બની ગયા છે.

૧૫. ૫ ઈન્ટીગ્રેટેડ એક્વાપાર્ક બનાવાશે.

૧૬. ડિફેન્સ માટે ૬.૨ લાખ કરોડ રૂપિયાનું બજેટ રખાયું.

૧૭. મનરેગા માટે ૬૦ હજાર કરોડથી વધારીને ૮૬ હજાર કરોડને બજેટ કરાશે.

૧૮. છેલ્લાં ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર લવાયાનો સરકારનો દાવો.

૧૯. પીએમ મુદ્રા યોજના હેઠળ ૨૨.૫ લાખ કરોડની ૪૩ કરોડ લોન મંજૂર કરાઈ.

૨૦. ૧૧.૮ કરોડ ખેડૂતોને નાણાકીય સહાય અપાઈ. ગરીબ કલ્યાણ યોજનામાં ૩૪ લાખ કરોડ ખાતામાં ડાયરેક્ટ ટ્રાન્સફર કરાયા.

### શેરબજારને બજેટ જરાયે ન ગમ્યું

# સેન્સેક્સમાં ૧૦૭, નિફ્ટીમાં ૨૮ પોઈન્ટનો ઘટાડો નોંધાયો

## ટોપ ગેઇનર્સમાં મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ, સિપ્લા અને એસબીઆઇ લાઇફના શેરનો સમાવેશ થાય છે

મુંબઈ, તા.૧

શેરબજારના કામકાજમાં ગુરુવારે નબળાઈ નોંધાઈ હતી અને બીએસઈસેન્સેક્સ અને એનએસઈનિફ્ટી નબળાઈ પર બંધ થયા હતા.

ગુરુવારે નાણા પ્રધાન નિર્મલા સીતારમણે બજેટ રજૂ કર્યું અને બજેટમાં પાંચ બાબતો પર ભાર મૂક્યો જેમ કે કેપેક્સ બૂસ્ટ, ઈલેક્ટ્રિક વ્હીકલ પુશ, રેલ્વે પર ફોકસ, લખપતિ દીદી યોજના અને સોલર એમ્બિશન. જોકે, શેરબજારને નિર્મલા સીતારમણનું ફ્લેટ વચગાળાનું બજેટ ૨૦૨૪ ગમ્યું ન હતું અને બિઝનેસના અંતે બીએસઈસેન્સેક્સે ૧૦૭પોઈન્ટની નબળાઈ નોંધાવી હતી અને ૭૧૬૪૫ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૨૮ પોઈન્ટ ઘટીને ૨૧૬૯૭ પોઈન્ટના સ્તરે બંધ થયો છે. ગુરુવારના ટ્રેડિંગમાં નિફ્ટી મિડકેપ ૧૦૦, બીએસઈ સ્મોલ કેપ અને નિફ્ટી આઈટી ઈન્ડેક્સમાં નબળાઈ નોંધાઈ હતી, જ્યારે નિફ્ટી બેંક ઈન્ડેક્સ નજીવા વધારા સાથે બંધ થવામાં સફળ રહ્યો હતો.

શેરબજારમાં ટોપ ગેઈનર્સમાં મારુતિ સુઝુકી, પાવર ગ્રીડ, સિપ્લા અને એસબીઆઈ લાઈફના શેરનો સમાવેશ થાય છે, જ્યારે હારનારામાં ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ, લાર્સન એન્ડ ટુબ્રો, અલ્ટ્રાટેક સિમેન્ટ અને ડો. રેડ્ડીઝના શેરનો સમાવેશ થાય છે.

રતન ટાટા ગ્રૂપની દિગ્ગજ કંપની ટાઈટનના ત્રીજા ક્વાર્ટરના પરિણામો આવી ગયા છે. વર્ષના આધાર પર ડિસેમ્બર ક્વાર્ટરમાં ટાઈટનનો ચોખ્ખો નફો ૯ ટકા વધીને રૂ. ૧૦૪૦ કરોડના સ્તરે પહોંચી ગયો છે. ટાઈટનના પરિણામો શેરબજારના નિષ્ણાતોની ધારણા કરતા નબળા રહ્યા છે.

જો આપણે ગુરુવારે શેરબજારમાં ઉછાળો દર્શાવતા શેરો વિશે વાત કરીએ, તો તેમાં આઈશર મોટર્સ, એચડીએફસી લાઈફ અને એક્સિસ બેંક જેવી કંપનીઓના શેરનો સમાવેશ થાય છે. જેએસડબલ્યુ સ્ટીલ, ટાઈટન અને ઓએનજીસી જેવા શેરો પણ નબળા શેરોની યાદીમાં સામેલ હતા.

ગુરુવારે શેરબજારમાં મલ્ટીબેગર રિટર્ન આપતી કંપનીઓ વિશે વાત કરીએ તો, ઉર્જા ગ્લોબલના શેરમાં ૧૦ ટકાનો વધારો થયો હતો. કામધેનુ, એનએમડીસી, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ, ઓમ ઈન્ફ્રા, એચડીએફસીલાઈફ, જીયો ફાઈનાન્શિયલ, એન્જિનિયર્સ ઈન્ડિયા, એચડીએફસી બેંકઅને એક્સાઈડહતી. ઈન્ડસ્ટ્રીઝના શેરમાં વધારો, જ્યારે મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, ગ્લોબસ સ્પિરિટ, ટાટા મોટર્સ, બ્રાન્ડ કોન્સેપ્ટ, યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, સ્ટોવ ક્રાફ્ટ, પટેલ એન્જિનિયરિંગ, નેસ્લે ઈન્ડિયા, ઓએનજીસીના શેરમાં નબળાઈ જોવા મળી હતી. અને દેવયાની ઈન્ટરનેશનલ રેકોર્ડ કરવામાં આવ્યો હતો.

### વિશાખાપટ્ટનમમાં ભારત-ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ

# ઈંગ્લેન્ડના સ્પિનર્સના સામના માટે ટીમ ઈન્ડિયાનો પ્લાન તૈયાર

## ઈંગ્લેન્ડના સ્પિનરોનો સામનો કરવા માટે ભારતીય બેટ્સમેનોએ સ્વીપ શોટ અને રિવર્સ સ્વીપ શોટ રમવાની પ્રેક્ટિસ કરી

વિશાખાપટ્ટનમ, તા.૧

ભારતીય ટીમ હૈદરાબાદની હારનો બદલો લેવાના ઈરાદા સાથે વિશાખાપટ્ટનમના મેદાનમાં ઉતરશે. ભારતીય બેટ્સમેનો વિશાખાપટ્ટનમમાં રમાનારી બીજી ટેસ્ટમાં વળતો પ્રહાર કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. ભારતીય બેટ્સમેનોએ ઈંગ્લેન્ડના સ્પિનરોનો સામનો કરવા માટે એક પ્લાન તૈયાર કર્યો છે.ભારતીય બેટ્સમેનો મોટે ભાગે સ્વીપ અને રિવર્સ સ્વીપ રમતા જોવા મળતા નથી. તે પરંપરાગત શોટ રમવામાં વધુ માને છે. જો કે બીજી ટેસ્ટ માટે ભારતીય બેટ્સમેનો નવા પ્લાન સાથે મેદાનમાં ઉતરશે. ઈંગ્લેન્ડના સ્પિનરોનો સામનો કરવા માટે ભારતીય બેટ્સમેનોએ સ્વીપ શોટ અને રિવર્સ સ્વીપ શોટ રમવાની પ્રેક્ટિસ કરી હતી.

કેપ્ટન રોહિત શર્મા સિવાય અન્ય બેટ્સમેનોએ ઈંગ્લેન્ડના સ્પિનરો સામે સ્વીપ શોટ રમ્યા ન હતા. જેનો ફાયદો ઈંગ્લેન્ડના સ્પિનર્સને મળ્યો અને હૈદરાબાદમાં ભારતીય ટીમને ૨૮ રને હારનો સામનો કરવો પડ્યો હતો. આ ભારતીય ટીમની વર્ષ ૨૦૧૩ પછી ઘરેલૂ મેદાન પર ચોથી હાર હતી. ઈંગ્લેન્ડની ટીમે ભારતીય સ્પિનર્સ સામે સ્વીપ અને રિવર્સ સ્વીપનો શાનદાર ઉપયોગ કર્યો હતો. ગઈકાલે ટીમના પ્રારંભિક નેટ સત્રમાં લય શોધી રહેલા શુભમન ગિલ સ્વીપ અને રિવર્સ સ્વીપ શોટ બંનેની પ્રેક્ટિસ કરતો જોવા મળ્યો હતો. ગિલ એક એવો ખેલાડી છે જેની પાસે લગભગ તમામ શોટ છે, પરંતુ સીરિઝની શરૂઆતની મેચમાં ખૂબ જ રક્ષણાત્મક હોવા બદલ તેની ટીકા થઈ હતી. જ્યારે રજત પાટીદાર પણ સ્વીપ અને રિવર્સ સ્વીપની પ્રેક્ટિસ કરતો દેખાયો હતો.ટીમના બેટિંગ કોચ વિક્રમ રાઠોડે કહ્યું, "ખેલાડીઓએ તેમની તાકાત પ્રમાણે રમવું જોઈએ. આ (સ્વીપ અને રિવર્સ સ્વીપ) એવી વસ્તુ નથી જેને તમે અજમાવી શકો. તમારે તેની પ્રેક્ટિસ કરવાની જરૂર છે. જો તમારી પાસે વધુ શોટ હોય તો તે ફાયદાકારક છે. અમે પરંપરાગત રીતે રમીએ છીએ. સીધા બેટ વડે રમવું અને પગનો ઉપયોગ કરવો એ અમારી તાકાત છે. આપણે તેને સારી રીતે કરવાની જરૂર છે."

### ઈંગ્લેન્ડે બીજી ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવન જાહેર કરી

# ભારત સામે ઈંગ્લેન્ડ ૪ સ્પિનર્સ-૧ પેસ બોલર સાથે મેદાનમાં ઉતરશે

## ઈંગ્લેન્ડની ટીમમાં ફાસ્ટ બોલર તરીકે જેમ્સ એન્ડરસનને માર્ક વુડના સ્થાને સામેલ કરવામાં આવ્યો

વિશાખાપટ્ટનમ, તા.૧

ઈંગ્લેન્ડની ટીમે ૫ મેચોની ટેસ્ટ સીરિઝની બીજી ટેસ્ટ મેચ માટે પોતાના પ્લેઈંગ-૧૧ની જાહેરાત કરી દીધી છે.

ટીમમાં ૨ ફેરફાર જોવા મળી રહ્યા છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ સીરિઝની બીજી મેચ વિશાખાપટ્ટનમના એસીએ-વીડીસીએ સ્ટેડિયમ ખાતે આવતીકાલે રમાનાર છે. ઈંગ્લેન્ડે મેચના એક દિવસ પહેલા જ પ્લેઈંગ-૧૧ જાહેર કરી દીધી છે. ઈંગ્લેન્ડની ટીમ ૪ સ્પિનર્સ અને ૧ ફાસ્ટ બોલર સાથે મેદાનમાં ઉતરશે. ટીમમાં ફાસ્ટ બોલર તરીકે જેમ્સ એન્ડરસનને માર્ક વુડના સ્થાને સામેલ કરવામાં આવ્યો છે.

શોએબ બશીર ટેસ્ટમાં ઈંગ્લેન્ડ તરફથી ડેબ્યૂ કરવા તૈયાર છે. ઈંગ્લેન્ડના અનુભવી સ્પિનર જેક લીચને હૈદરાબાદમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ દરમિયાન ઘુટણની ઈજા થઈ હતી જેના કારણે તે બીજી ટેસ્ટ મેચમાંથી બહાર થઈ ગયો છે. જ્યારે માર્ક વુડને પ્રથમ ટેસ્ટ મેચમાં એકપણ વિકેટ મળી ન હતી. જેના કારણે ઈંગ્લેન્ડની ટીમે ફરી તેના અનુભવી દિગ્ગજ ફાસ્ટ બોલર જેમ્સ એન્ડરસનને ટીમમાં સામેલ કરી તેના પર વિશ્વાસ બતાવ્યો છે.

ભારતીય ટીમની વાત કરીએ તો પ્રથમ ટેસ્ટ મેચમાં પોતાના પ્રદર્શનથી પ્રભાવિત કરનાર કે.એલ રાહુલ અને રવિન્દ્ર જાડેજા ઈજાના કારણે બીજી ટેસ્ટમાંથી બહાર થઈ ગયા છે. ત્યારબાદ બીજી ટેસ્ટ માટે સરફરાઝ ખાન, વોશિંગ્ટન સુંદર અને સૌરભ કુમારનો ભારતીય ટેસ્ટ ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. ભારતની પ્લેઈંગ-૧૧ની હજુ સુધી જાહેરાત કરવામાં આવી નથી.

બીજી ટેસ્ટ મેચ માટે ઈંગ્લેન્ડના પ્લેઈંગ-૧૧

બેન સ્ટોક્સ (સુકાની), જેક ક્રોલી, બેન ડકેટ, ઓલી પોપ, જો રૂટ, જોની બેરસ્ટો, બેન ફોક્સ, રેહાન અહેમદ, ટોમ હાર્ટલી, શોએબ બશીર, જેમ્સ એન્ડરસન.

### નાણામંત્રીએ ૧૧.૫૮ મિનિટે વચગાળાનું બજેટ રજૂ કર્યું

# સરકાર સતત યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને સામાન્ય જનતા માટે કાર્ય કરતી હોવાનો દાવો

## નાણામંત્રી દ્વારા સરકારની સિદ્ધિઓ ગણાવાઈ જેમાં સરકાર દ્વારા ૨૫ કરોડ લોકોને ગરીબીથી બહાર કઢાયાના દાવાનો સમાવેશ થાય છે

નવી દિલ્હી, તા.૧

નાણા મંત્રી નિર્મલા સીતારમણે સવારે ૧૧ વાગ્યે ૫૮ મિનિટમાં વચગાળાનું બજેટ ૨૦૨૪ રજૂ કર્યું. આ બજેટમાં નાણામંત્રી દ્વારા સરકારની સિદ્ધિઓ ગણાવતા કહ્યું કે, સરકાર સતત યુવાનો, ખેડૂતો, મહિલાઓ અને સામાન્ય જનતા માટે કાર્ય કરી રહી છે. ૨૦૪૭ સુધી આપણે ભારતને એક વિકસિત રાષ્ટ્ર બનાવીશું. સરકાર દ્વારા ૨૫ કરોડ લોકોને ગરીબીથી બહાર કઢાયા છે.

બજેટ ભાષણમાં નાણામંત્રીની મહત્વની બાબતો

૧. આગામી ૫ વર્ષ દેશના વિકાસ માટે શાનદાર હશે

૨. રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ પર હશે સંપૂર્ણ ફોકસ

૩. સરકાર નેક્સ્ટ જનરેશન રિફોર્મ લાવશે

૪. આગામી ૫ વર્ષમાં ગરીબો માટે ૨ કરોડ ઘર બનાવાશે

૫. મધ્યમ વર્ગ માટે હાઉસિંગ સ્કીમ પર વિચાર

૬. એમએસએમઈ માટે બિઝનેસ સરળ કરવા પર કામ શરૂ

૭. રૂફટૉપ સોલર પ્લાન હેઠળ ૧ કરોડ ઘરોને ૩૦૦ યૂનિટ/ મહિનો ફ્રી વીજળી

૮. દેશમાં વધુ મેડિકલ કોલેજ ખોલવા પર કામ કરીશું

૯. આંગણવાડી સેન્ટરોને અપગ્રેડ કરાશે, ASHA વર્કર્સને આયુષ્માન યોજનાનો મળશે લાભ

૧૦. સર્વાઈકલ કેન્સર માટે વેક્સિનેશન વધારાશે

૧૧. તમામ વિસ્તારોમાં નેનો ડીએપીનો ઉપયોગ વધારાશે

૧૨. પશુ પાલકોની મદદ માટે સરકાર યોજના લાવીશું

૧૩. ડિફેન્સમાં ડીપ ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા માટે યોજના લાવીશું

૧૪. કૃષિ માટે મોર્ડન સ્ટોરેજ, સપ્લાય ચેન પર ફોકસ

૧૫. સરસવ, મગફળીની ખેતી માટે સરકાર વધુ પ્રોત્સાહન આપશે

૧૬. મત્સ્ય યોજનાને પ્રોત્સાહન આપવા માટે કામ કરાશે

૧૭. સી-ફૂડ એકસપોર્ટ બેગણી કરવાનો ટાર્ગેટ

૧૮. સરકાર ૫ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક્સ ખોલશે

૧૯. લખપતિ દીદિઓની સંખ્યા ૨૦ લાખથી વધારીને ૩૦ લાખ કરીશું

૨૦. એફવાય૨૫માં ઈન્ફ્રા પર ૧૧.૧ ટકા વધુ ખર્ચ કરાશે

૨૧. એફવાય૨૫ માટે ૧૧.૧૧ લાખ કરોડ કેપેક્સનું એલાન, અત્યાર સુધીના સૌથી મોટા કેપેક્સનું એલાન

૨૨. એનર્જી, મિનરલ, સીમેન્ડના ૩ નવા કોરિડોર બનાવાશે

૨૩. ૪૦૦૦ રેલવે ડબ્બાઓને વંદે ભારત સ્ટાન્ડર્ડ ડબ્બાઓમાં બદલવામાં આવશે

૨૪. નાના શહેરોને જોડવા માટે ૫૧૭ નવા રૂટ પર ઉડાન સ્કીમ લાવશે સરકાર

૨૫. પીએમ સ્વનિધિથી ૧૮ લાખ વેન્ડર્સને કરાઈ મદદ

૨૬. કિસાન સન્માન નિધિ અને પીએમ ફસલ યોજનાથી ખેડૂતોને મજબૂત બનાવાયા

૨૭. ૧૧.૮ કરોડ ખેડૂતોને કિસાન સન્માન નિધિનો મળી રહ્યો છે લાભ

૨૮. દેશમાં ૩૦૦૦ નવા આઈટીઆઈઆઈ ખોલાશે

૨૯. ૧.૪૦ કરોડ યુવાનોને સ્કિલ ઈન્ડિયાની ટ્રેનિંગ અપાઈ છે

૩૦. ૧૫ નવી એઈમ્સ અને ૩૯૦ નવા વિશ્વવિદ્યાલય બનાવાયા છે

૩૧. આમ આદમીની આવક ૫૦ ટકા વધી છે

૩૨. પીએમ આવાસ યોજનાના કારણે ૭૦ ટકા ઘરની માલિક બની મહિલાઓ

૩૩. સરકારે અત્યાર સુધી ૩ કરોડ ઘર બનાવવાના પોતાના લક્ષ્યને હાંસલ કર્યું

૩૪. આ યોજના હેઠળ આગામી ૫ વર્ષમાં ૨ કરોડ વધારે ઘર બનાવાશે

૩૫. ઉચ્ચ શિક્ષામાં મહિલાઓની ભાગીદારી ૨૮ ટકા વધી ગઈ

૩૬. ૧૩૬૧ નવી શાકમાર્કેટ જોડાઈ

૩૭. દેશમાં એરપોર્ટ્સની સંખ્યા ૧૪૯ થઈ ગઈ, ટિયર ૨ અને ટિયર ૩ પર ખાસ ફોકસ

૩૮. નમો ભારત અને મેટ્રો ટ્રેન પર ફોકસ હશે

૩૯. દેશમાં નવા મેડિકલ ખોલાશે

૪૦. પીએમ સૂર્યોદય યોજના હેઠળ એક કરોડ ઘરોમાં સોલર લગાવાશે

૪૧. કોલસા ગેસીફિકેશનથી નેચરલ ગેસની આયાત ઘટશે

### લોકસભાની ચૂંટણી પહેલાં છેલ્લું-વચગાળાનું બજેટ

# ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિના મૂલ્યે સર્વાઇકલ કેન્સરની રસી અપાશે

## કેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમાવાયરસ અથવા એચપીવી રસી- સીઈઆરવીએવીએસીને લાગુ કરવા માટે તૈયાર

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજે મોદી સરકારનું લોકસભા ચૂંટણી પૂર્વેનું અંતિમ અને વચગાળાનું બજેટ રજૂ કરી રહ્યા છે. આ બજેટમાં ખેડૂતો અને મહિલાઓ માટે મહત્ત્વની જાહેરાતો કરવામાં આવી રહી છે. બજેટ ભાષણમાં નાણામંત્રી નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે સરકાર મિશન સર્વાઈકલ કેન્સર રસીકરણને પ્રોત્સાહન આપશે. ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને વિનામૂલ્યે રસી આપવામાં આવશે.

સર્વાઈકલ કેન્સરની વધતી સંખ્યાને ઘટાડવા માટે, કેન્દ્ર સરકાર હ્યુમન પેપિલોમાવાયરસ અથવા એચપીવી રસી- સીઈઆરવીએવીએસીને લાગુ કરવા માટે તૈયાર છે. નિષ્ણાતોના મતે, સર્વાઈકલ કેન્સર ભારતમાં બીજા નંબરનું સૌથી સામાન્ય કેન્સર છે. દર વર્ષે દેશમાં ૧,૨૦,૦૦૦થી વધુ મહિલાઓ સર્વાઈકલ કેન્સરનો ભોગ બને છે. તેમાંથી વાર્ષિક અંદાજે ૭૭,૦૦૦ મહિલાઓ મૃત્યુ પામે છે. તેને ધ્યાનમાં રાખીને સરકારે આ દિશામાં મહત્ત્વપૂર્ણ પગલાં લીધાં છે. કેન્દ્ર સરકારે સર્વાઈકલ કેન્સરની રસી એચપીવી ૯થી ૧૪ વર્ષની કિશોરીઓને ઉપલબ્ધ કરાવવાની યોજના બનાવી છે.

કેન્દ્ર સરકાર ત્રણ વર્ષમાં ત્રણ તબક્કામાં કામ કરશે અને એવી અપેક્ષા છે કે અભિયાનનો બીજો તબક્કો આ વર્ષના ઉત્તરાર્ધમાં શરૂ થશે. એવું કહેવામાં આવી રહ્યું છે કે સરકાર પાસે પ્રથમ તબક્કા માટે જરૂરી રસીના ૬.૫થી ૭ કરોડ ડોઝનો સ્ટોક છે.

### કેન્દ્રીય નાણાંમંત્રીની વચગાળાના બજેટમાં જાહેરાત

# પાકની લણણી પછીની પ્રવૃત્તિઓમાં જાહેર-ખાનગી રોકાણને વધુ પ્રોત્સાહન અપાશે

## સરકાર પાંચ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક ખોલશે : સરસવ અને મગફળીની ખેતીને વધુ પ્રોત્સાહન આપશે

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણ છઠ્ઠી વખત બજેટ રજૂ કરી રહ્યા છે. સંસદમાં વચગાળાનું બજેટ રજૂ કરતાં નાણામંત્રીએ જણાવ્યું હતું કે, કૃષિ ક્ષેત્રના વધુ વિકાસ માટે સરકાર પાકની લણણી પછીની પ્રવૃત્તિઓમાં જાહેર અને ખાનગી રોકાણને વધુ પ્રોત્સાહન આપશે. નાણામંત્રી નિર્મલા સીતારમણે ખેડૂતોને ધ્યાનમાં રાખીને જણાવ્યું હતું કે, સરકાર પાંચ ઈન્ટીગ્રેટેડ એક્વા પાર્ક ખોલશે. સરસવ અને મગફળીની ખેતીને વધુ પ્રોત્સાહન આપશે અને મત્સ્યઉદ્યોગ યોજનાને પ્રોત્સાહન આપવા માટે વધુ કામ કરવામાં આવશે.

કૃષિ માટે આધુનિક સ્ટોરેજ અને સપ્લાય ચેઈન પર વધું ધ્યાન આપવામાં આવશે અને ડેરી ખેડૂતોની મદદ માટે નવી યોજના લાવશે. નેનો ડીએપીનો ઉપયોગ તમામ ક્ષેત્રોમાં વધારવામાં આવશે. સી ફૂડની નિકાસ બમણી કરવાનો લક્ષ્યાંક છે’

નિર્મલા સીતારમણે કહ્યું કે એક કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવી. હવે આ લક્ષ્ય એક કરોડથી વધારીને ત્રણ કરોડ. પાંચ વર્ષમાં બીજા બે કરોડ ઘર બનાવીશું.

નવ કરોડ મહિલાઓ સેલ્ફ હેલ્પ ગ્રૂપ સાથે જોડવામાં આવી. અમારી સરકારે જુદો મત્સ્ય વિભાગ પણ શરૂ કર્યો. તેના થકી રૂ. એક લાખ કરોડના નિકાસનું લક્ષ્ય. માછીમારી ઉદ્યોગમાં નવી ૫૫ લાખ રોજગાર ઊભું કરવાનું લક્ષ્ય. સરકારનું લક્ષ્ય ૩ કરોડ મકાનો બનાવવાનું પૂરું થઈ ગયું છે અને હવે આગામી ૫ વર્ષમાં વધુ ૨ કરોડ મકાન બનાવશે. રૂફ ટોપ સોલાર સ્કીમ હેઠળ લોકોને ૩૦૦ યુનિટ જેટલી વીજળી મફત આપવાની પણ યોજના છે.’

### પરીક્ષાના સમય સુધી ઉમેદવારો ડાઉનલોડ કરી શકશે કોલલેટર

# વનરક્ષક પરીક્ષાના કોલલેટર ડાઉનલોડ થવાની શરૂઆત થઇ

## વનરક્ષકના પરીક્ષાર્થીઓ ojas.gujarat.gov.inની વેબસાઈટ પર જઈને પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે

અમદાવાદ, તા.૧

વનરક્ષકની ભરતી પરીક્ષાને લઈ મહત્વની અપડેટ સામે આવી છે. અત્રે જણાવીએ કે, આ ભરતી પરીક્ષા માટે કોલલેટર ડાઉનલોડ થવાનું શરૂ થઈ ગયું છે. આજથી વનરક્ષક પરીક્ષા ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે.પરીક્ષાના સમય સુધી ઉમેદવારો કોલલેટર ડાઉનલોડ કરી શકશે. https://ojas.gujarat.gov.in વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે.

વનરક્ષકના પરીક્ષાર્થીઓ ojas.gujarat.gov.inની વેબસાઈટ પર જઈને પોતાની જન્મ તારીખ તેમજ કેન્ફર્મશન નંબર નાંખવાના રહેશે. જે બાદ ઉમેદવારો પોતાનો કોલલેટર ડાઉનલોડ કરી શકશે.ગુજરાત સરકારના ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૪૩૦૦ જગ્યાઓ માટે ભરતી બહાર પાડવામાં આવી હતી. જે જગ્યાઓમાં પણ વધારો કરાયો હતો. જે ૪૩૦૦થી વધારીને ૫૨૦૦ કરાઈ છે. ગૌણ સેવા પસંદગી મંડળ જુનિયર ક્લાર્ક, હેડ ક્લાર્ક, ઓફિસ આસિસ્ટન્ટ સિનિયર ક્લાર્ક સહિત ૧૭ કેડર માટે ૪૩૦૦ જગ્યાઓ માટે જાહેરાત કરી હતી.

મંડળ દ્વારા તા. ૦૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ જાહેરાતમાં સિનિયર ક્લાર્ક સંવર્ગની કુલ ૫૩૨ જગ્યાઓ પૈકી ક્માંક-૮ સામેની કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરી (ICDS)ની કુલ ૧ જગ્યા બિનઅનામત (સામાન્ય) તરીકે દર્શાવેલ છે જે બિનઅનામત મહિલા ઉમેદવાર માટે અનામત રાખવામાં આવશે.

### ૧૯ KG કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો

# એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો કરાયો

## શિયાળાની મોસમમાંમાંગમાંવધારોઅનેઆંતરરાષ્ટ્રીયબજારમાં અસરગ્રસ્ત કિંમતોને કારણે સિલિન્ડરમાં વધારો

નવી દિલ્હી, તા.૧

૧ ફેબ્રુઆરીએ હજી તો લોકોના ખાતામાં પગાર પડ્યો છે, ત્યાં જ ૪૪૦ વોલ્ટનો ઝટકો લાગે તેવા સમાચાર સામે આવ્યા છે. ૧લી ફેબ્રુઆરીની વહેલી સવારે LPG ગ્રાહકોને આંચકો લાગશે. દેશના બજેટના દિવસે તેલ કંપનીઓએ ગેસ સિલિન્ડરનું બજેટ બગાડ્યું છે.

શિયાળાની મોસમમાં માંગમાં વધારો અને આંતરરાષ્ટ્રીય બજારમાં અસરગ્રસ્ત કિંમતોને કારણે એલપીજી સિલિન્ડરની કિંમતમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જોકે, આ વધારો ૧૯ KG કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં કરવામાં આવ્યો છે. ઘરેલુ એલપીજી ગેસ સિલિન્ડરની કિંમતમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના નવા ભાવ આજથી લાગુ થશે. ગયા મહિને પણ ઓઈલ કંપનીઓએ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ૧.૫૦ રૂપિયાનો વધારો કર્યો હતો.

દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં વધારો થયા બાદ તે ૧૭૬૯.૫૦ રૂપિયા પર પહોંચી ગયો છે. તો કોલકાતામાં ૧૯ કિલોના કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૮૮૭.૦૦ રૂપિયા પર પહોંચી ગઈ છે. મુંબઈમાં તે ૧૭૨૩.૫૦ રૂપિયા છે અને ચેન્નાઈમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની કિંમત ૧૯૩૭ રૂપિયા પર પહોંચી ગઈ છે. IOCLની વેબસાઈટ અનુસાર તેની કિંમતોમાં ૧૪ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જેના બાદ રાજધાની દિલ્હીમાં એક કોમર્શિયલ સિલિન્ડરની કિંમત વધીને ૧૭૬૯.૫૦ રૂપિયા થઈ ગઈ છે. નવી કિંમતો ૧ ફેબ્રુઆરી ૨૦૨૪થી લાગુ થઈ ગઈ છે.

### સમયમર્યાદા એક મહિના સુધી લંબાવી દેવાઈ

# વાહન ચાલકો માટે ખુશખબરી, વધી FASTag KYCની ડેડલાઇન

## KYC પૂર્ણ કરવાની છેલ્લી તારીખ ૩૧ હતી જે હવે તમે ૨૯ ફેબ્રુ. સુધી ફાસ્ટેગનું કેવાયસી પૂર્ણ કરી શકો છો

નવી દિલ્હી, તા.૧

ફાસ્ટેગને લઈને મોટા સમાચાર આવી રહ્યા છે. જો તમે પણ ફાસ્ટેગ યુઝર છો તો NHAIએ રાહત આપી છે. હવે નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI) એ ફાસ્ટેગ KYC અપડેટ કરવાની તારીખ લંબાવી છે. NHAIએ ફાસ્ટેગ કેવાયસીની સમયમર્યાદા એક મહિના સુધી લંબાવી છે. તમને જણાવી દઈએ કે KYC પૂર્ણ કરવાની છેલ્લી તારીખ ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ હતી. હવે તમે ૨૯ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગનું કેવાયસી પૂર્ણ કરી શકો છો. NHAI માર્ગદર્શિકા અનુસાર, બેંકોને ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી KYC વિના ફાસ્ટેગને નિષ્ક્રિય કરવા માટે કહેવામાં આવ્યું હતું. એટલે કે, જો તમે ૩૧ જાન્યુઆરી પછી પણ દ્વરૂઝ નહીં કરાવો તો તમારું ફાસ્ટેગ નિષ્ક્રિય થઈ જશે. તમને જણાવી દઈએ કે હવે તમે ૨૯ ફેબ્રુઆરી સુધી ફાસ્ટેગનું કેવાયસી પૂર્ણ કરી શકો છો. તમે fastag. ihmcl.com દ્વારા Fastag KYC અપડેટ કરી શકો છો. અહીં તમારે મોબાઈલ નંબર દ્વારા લોગઈન કરવાનું રહેશે. તેને ખોલ્યા પછી, તમને KYC અપડેટનો વિકલ્પ દેખાશે, ત્યારબાદ તમારે તમારું PAN અથવા આધાર કાર્ડ અપલોડ કરવું પડશે. ફાસ્ટેગ કેવાયસી અપડેટ માટે ડ્રાઈવિંગ લાઈસન્સ, ઓળખ કાર્ડ, પાન કાર્ડ, આધાર કાર્ડ, તમારા વાહનનું નોંધણી પ્રમાણપત્ર (RC) દસ્તાવેજોની જરૂર પડશે,

### કોંગ્રેસના નેતા અમિત ચાવડાએ જણાવ્યું

# રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ એક પણ ઉમેદવાર ઉભો નહી કરે

ગાંધીનગર, તા.૧

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યો ઓછા હોવાથી રાજ્યસભાની કોંગ્રેસ ચૂંટણી નહીં લડે. જી હા...કોંગી નેતા અમિત ચાવડાએ જણાવ્યું હતું કે સંખ્યાબળના અભાવે ચૂંટણી પ્રક્રિયાથી કોંગ્રેસ દૂર રહેશે. આ સાથે જ ગુજરાત વિધાનસભામાં ૧૫૬ ની પ્રચંડ બહુમતી સાથે, ભાજપ આગામી મહિને યોજાનારી ચાર રાજ્યસભા બેઠકો માટેની આગામી ચૂંટણીમાં ચારે બેઠકો પર બિનહરીફ રીતે કબજો કરવા લગભગ તૈયાર છે. ગુજરાત વિધાનસભામાં ભાજપના ધારાસભ્યોનુ સંખ્યાબળ જોતાં ચારેય બેઠકો ભાજપને ફાળે જાય તેની પુરેપુરી શક્યતા છે. આ ચારેય બેઠકોની ચૂંટણી માટે ભાજપ કોણે સાંસદ તરીકે પસંદ કરશે તે અંગે અત્યારથી રાજકીય અટકળો શરૂ થઈ છે. ભાજપને ચાર બેઠક માટે ૧૪૮ મત જોઈએ, ૧૫૬ મત અકબંધ છે. રાજ્યની સભાની આ ચારેય બેઠકો માટે ચૂંટણી યોજાય તો એક સાંસદને જીતવા માટે ૩૭ મત જોઈએ. ચાર બેઠકો જીતવા માટે ભાજપને ૧૪૮ મતોની જરૂર છે. ભાજપ પાસે ૧૫૬ ધારાસભ્યોનું સંખ્યાબળ છે, તે જોતાં ચારેય બેઠકો ભાજપ સરળતાથી જીતી જશે. કોંગ્રેસને એક બેઠક માટે પણ ૨૨ મતો ખુટે છે. આ જોતાં કોંગ્રેસ તો ચૂંટણી મેદાને ઉમેદવાર પણ ઉભા નહી રાખે તેવી સ્થિતી સર્જાઇ છે. આમ, ભાજપના ચારેય ઉમેદવાર બિનહરીફ જાહેર થાય તેવી પુરેપૂરી શક્યતા જોવાઇ રહી છે. રાજ્યસભાની ચૂંટણી માટે ઉમેદવારે રાજ્ય વિધાનસભામાં ઓછામાં ઓછા ૩૬ મત મેળવવા જરૂરી હોય છે. તમને જણાવી દઈએ કે, ઉમેદવારી માટે નામાંકન ભરવાની છેલ્લી તારીખ ૧૫ ફેબ્રુઆરી છે.

### વચગાળાના બજેટમાં સરકારની સિદ્ધિઓનાં ગુણગાન

# સામાન્ય કરદાતાને કોઈ લાભ નહીં, ઈન્કમટેક્સ સ્લેબમાં ફેરફાર ન કરાયો

## સ્લેબમાં કોઈ ફેરફાર ન થતા કરદાતાઓની આશા તૂટી

નવી દિલ્હી, તા.૧

નાણામંત્રી નિર્મલા સીતારમણે વચગાળાનું બજેટ રજૂ કરતા કેન્દ્રની મોદી સરકારે તેમની સિદ્ધિઓ ગણાવી. આ દરમિયાન નાણા મંત્રીએ કરદાતાઓને કોઈ રાહત ન આપતા ઈક્રમ ટેક્સ સ્લેબમાં કોઈ ફેરફાર ન કર્યો. નાણા મંત્રીએ કહ્યું કે, ટેક્સ રેટ યથાવત્ રખાયા છે. જો કે કેટલાક જૂના ટેક્સ મામલા પરત લઈશું. પરત લેવાથી એક કરોડ કરદાતાને ફાયદો થશે. છેલ્લા પાંચ વર્ષમાં કરદાતાઓ માટે સુવિધા વધારાઈ છે. જીએસટીના કારણે ઈન્ડસ્ટ્રી પર કમ્પ્લાયન્સનો ભાર ઘટ્યો છે. આ ઉપરાંત સરેરાશ જીએસટી કલેકશન બમણું થયું છે. નિર્મલા સીતારામનના વચગાળાના બજેટ ૨૦૨૪માં સૌને આવકવેરામાં છૂટની આશા હતી. કરવેરાના ભારને ઓછો કરવા સરકાર કોઈ જાહેરાત કરશે એવી કરદાતાઓને આશા હતી. જો કે નાણામંત્રીએ કોઈ રાહત ન આપી. આવકવેરાના સ્લેબમાં કોઈ ફેરફાર ન થવાથી કરદાતાઓની આશા તૂટી છે. સ્લેબ અને ટેક્સ રીજિમમાં કોઈ ફેરફાર નથી કરાયો. તેનો અર્થ છે કે તમે જે રીતે કરવેરા ભરી રહ્યા છો, તે જ રીતે આવકવેરો ભરતા રહેવું પડશે. દેશમાં આઠ કરોડથી વધુ એવા કરદાતા છે, જેમણે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં રિટર્ન ફાઈલ કર્યું હતું, જેમને ભારે નિરાશા હાથ લાગી છે.

બજેટ ૨૦૨૩-૨૪માં રજૂ કરાયેલો ટેક્સ સ્લેબ (જે હાલ પણ યથાવત્ રહેશે)

- ૦થી ૩ લાખ પર ૦ ટકા
- ૩ થી ૬ લાખ સુધી ૫ ટકા
- ૬ થી ૯ લાખ પર ૧૦ ટકા
- ૯થી ૧૨ લાખ પર ૧૫ ટકા
- ૧૨ થી ૧૫ લાખ પર ૨૦ ટકા
- ૧૫ થી વધુ લાખ પર ૩૦ ટકા

જૂનો ઈન્કમ ટેક્સ સ્લેબ

- ૨.૫ લાખ સુધી ૦ ટકા
- ૨.૫ લાખથી ૫ લાખ સુધી ૫ ટકા
- ૫ લાખથી ૧૦ લાખ સુધી ૨૦ ટકા
- ૧૦ લાખથી વધુ લાખ પર ૩૦ ટકા

જો કે આમ છતાં એક કરોડ લોકોને ટેક્સથી જોડાયેલા લાભ મળશે કારણ કે નાણામંત્રીએ વર્ષોથી પેન્ડિંગ બાકી પ્રત્યક્ષ ટેક્સ માંગોને પરત લેવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૧૯૬૨થી જેટલા જૂના ટેક્સથી જોડાયેલા વિવાદ કેસ ચાલી રહ્યા છે, જે વર્ષ ૨૦૦૯-૧૦ સુધી પેન્ડિંગ રહેલા પ્રત્યક્ષ કર માંગોથી જોડાયેલા ૨૪ હજાર રૂપિયા સુધીના વિવાદિત મામલા પરત લેવામાં આવશે. એજ રીતે ૨૦૧૦-૧૧થી ૨૦૧૪-૧૫ વચ્ચેના પેન્ડિંગ પ્રત્યક્ષ કર માંગોથી જોડાયેલા ૧૦ હજાર રૂપિયા સુધીના મામલાઓને પરત લેવાશે. તેનાથી ઓછામાં ઓછા એક કરોડ કરદાતાને ફાયદો થશે. પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ કરોની સાથો સાથ ઈમ્પોર્ટ ડ્યૂટી માટે પણ સમાન દરોને યથાવત્ રખાયા છે. સ્ટાર્ટઅપ્સ અને સોવરેન વેલ્થ અને પેન્શન ફંડ્સમાં રોકાણ કરનારાને ટેક્સ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

### આયુષ્માન યોજનાનો વ્યાપ વધારવાની જાહેરાત

# આંગણવાડી કાર્યકરો, આશા વર્કરોને આયુષ્માન યોજનામાં સામેલ કરાશે

## તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે, દેશની મેડિકલ કોલેજોમાં સુવિધાઓ વધારવામાં આવશે

નવી દિલ્હી, તા.૧

મોદી સરકારે તેના બીજા કાર્યકાળના છેલ્લા બજેટમાં આયુષ્માન યોજનાનો વ્યાપ વધારવાની જાહેરાત કરી છે. લોકસભામાં બજેટ રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું, “હવે આંગણવાડી કાર્યકરો, સહાયકો અને આશા વર્કરોને પણ આયુષ્માન યોજનામાં સામેલ કરવામાં આવશે.

તેઓને પણ આ મફત સારવાર સુવિધાનો લાભ મળશે. દેશની મેડિકલ કોલેજોમાં પણ સુવિધાઓ વધારવામાં આવશે.” જણાવી દઈએ કે આયુષ્માન યોજના હેઠળ પરિવારને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપવામાં આવે છે.

નાણામંત્રીએ કહ્યું, “સરકાર સર્વાઈકલ કેન્સરને રોકવા માટે રસીકરણ પણ લાવી છે. કન્યાઓને સર્વાઈકલ કેન્સરની રસી વિનામૂલ્યે આપવામાં આવશે. આ ઉપરાંત નાણામંત્રીએ કહ્યું, “આંગણવાડી કેન્દ્રોનો પણ વિકાસ કરવામાં આવશે.”

મહિલા સશક્તિકરણ માટે નાણામંત્રીએ જાહેરાત કરી હતી કે, “આગામી પાંચ વર્ષમાં ૩ કરોડ લખપતિ દીદીઓ બનાવવાનું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. દેશમાં એક કરોડથી વધુ મહિલાઓ લખપતિ દીદી બની છે. સરકારનું આ પગલું ૯ કરોડ મહિલાઓના જીવનધોરણમાં પરિવર્તન લાવવા જઈ રહ્યું છે.”

આયુષ્માન યોજના હેઠળ લાયક પરિવારોને દર વર્ષે ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવારનો લાભ આપવામાં આવે છે. આ માટે દેશની સરકારી અને ખાનગી હોસ્પિટલોને સામેલ કરવામાં આવી છે.

આ યોજના હેઠળ, દાખલ કર્યાના એક અઠવાડિયા પહેલા અને ડિસ્ચાર્જ પછીના ૧૦ દિવસ સુધીની તપાસ માટે ખર્ચ આપવામાં આવે છે. આ યોજના હેઠળ કેન્સર, કિડનીની બિમારી સહિત અનેક ગંભીર રોગોની સારવાર પણ કરવામાં આવે છે.

### વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના સંબોધન

# જામનગર સહિતના જિલ્લાઓમાં સ્માર્ટ ગ્રંથાલય વિકસાવાશે

## રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે

ગાંધીનગર, તા.૧

વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સંબોધન કર્યુ હતુ. સંબોધનમાં અનેક મહત્તવનની બાબત જાણાવી છે. જેમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધીમાં ૧૫ હપ્તામાં કુલ રૂપિયા ૧૫, ૪૦૭.૮૨ કરોડની રકમ ૬૪.૧૩ લાખ લાભાર્થી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે.

વિધાનસભા ગૃહમાં રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ સંબોધન કર્યુ હતુ. સંબોધનમાં અનેક મહત્તવનની બાબત જાણાવી છે. જેમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ આજ સુધીમાં ૧૫ હપ્તામાં કુલ રૂપિયા ૧૫, ૪૦૭.૮૨ કરોડની રકમ ૬૪.૧૩ લાખ લાભાર્થી ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી જમા કરવામાં આવી છે. તેમજ ખેડૂતોને બાગાયતી પાકો માટે અદ્યતન ટેકનોલોજી પ્રદાન કરવાના હેતુથી રાજ્યમાં અમદાવાદ, જામનગર અને ખેડામાં તથા નર્મદા, પંચમહાલ અને અરવલ્લીમાં નવા સેન્ટર ઓફ એક્સલન્સ નિર્માણ પામી રહ્યા છે.ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના થરાદ, ધાનેરા, ડીસા, દિયોદર અને કાંકરેજ તાલુકાઓના ગામોને બે નવી પાઈપલાઈન યોજનાઓની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.આ યોજનાથી ૧૫૦૦૦ હેકટર કરતાં વધુ વિસ્તારને સિંચાઈનો લાભ થશે. સરદાર સરોવર નર્મદા યોજનાની વડોદરા, મિયાગામ, સૌરાષ્ટ્ર અને કચ્છ શાખા નહેર ઉપર જુદી જુદી જગ્યાએ લઘુ વીજમથકોના બાંધકામની કામગીરી પ્રગતિ હેઠળ છે.આ વીજ મથકોથી ૮૫.૪૬ મેગાવૉટ વીજ ઉત્પાદન કરવાનું આયોજન છે. ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ માં સરેરાશ માથાદીઠ વીજ વપરાશ ૨૨૮૩ યુનિટ હતો.જે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં ૨૪૦૨.૪૯યુનિટમાં થયો છે.કોઈ પણ રાજ્યના સામાજિક અને આર્થિક વિકાસ માટે વીજળી એક મુખ્ય જરૂરી માપદંડ છે.જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે.

ગુજરાત ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદનમાં વૈશ્વિક લીડર તરીકે ઉભરી આવવા માટે સક્ષમ અને તૈયાર છે. તાજેતરમાં ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે પાવર સપ્લાય કરવા રાજ્ય સરકારે આર.ઈ. પ્રોજેક્ટસના વિકાસ માટે જમીન નીતિ-૨૦૨૩ જાહેર કરી છે અને વિકાસકર્તાઓને ફાળવણી માટે બે લાખ હેક્ટર જેટલી જમીન નિર્ધારિત કરી છે. પરિણામે લગભગ ૪૦ લાખ વાર્ષિક મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત થશે.વૈશ્વિક કક્ષાના નાણાકીય કેન્દ્ર તરીકે વિકસી રહેલા ગિફ્ટ સિટીમાંથી થતી નિકાસ જે નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માં રૂપિયા ૩,૪૦૨ કરોડ હતી.

તે વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં વધીને રૂપિયા ૧૨,૩૨૫ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં રૂપિયા ૧૯, ૩૧૭.૧૯કરોડ થઈ છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’

અમારૂ ઇ–મેઇલ એડ્રેસ

‘‘અમરેલી એક્સપ્રેસ’’ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ

amreliexpress7@gmail.com

પર ફોટોગ્રાફસ મોકલવા.

‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક

જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

# તલગાજરડામાં ચિત્રકુટ એવોર્ડ સમારોહ તથા શિક્ષક મહાસંમેલન યોજાયા






આલેખન : પ્રતાપ ખુમાણ, તસ્વીર : કેવલ વેલાણી–સાવરકુંડલા

પ્રતિ વર્ષ પુ.મોરારિબાપુ દ્વારા ગુજરાત રાજય શિક્ષક સંઘના માધ્યમથી ૩૫ શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે.આ સમારોહનો ૨૪ મો મણકો આજે ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ ના રોજ ચિત્રકૂટધામ તલગાજરડાની કેન્દ્રવર્તી શાળા ખાતે યોજાઈ ગયો.સૌ પ્રથમ પુ.મોરારિબાપુએ જયાં પ્રાથમિક શિક્ષણ લીધું છે તે પ્રાથમિક શાળાનું નવીનીકરણ કરીને બાપુ જયાં ભણતાં તે ઓરડાને રક્ષિત કરીને બીજા પાંચ ઓરડા નવા બનાવાયા.તે નવનિર્મિત શાળાના ઓરડાઓનું લોકાર્પણ પુ.મોરારિબાપુ તથા શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાના વરદ હસ્તે દીપ પ્રાગટયથી સંપન્ન થયું. પછી તલગાજરડાની કેન્દ્રવર્તી શાળા કે જે હવે જર્જરીત થઈ છે તેને પુન : નિર્માણ કરવા માટે ભુમિપૂજન પણ યોજવામાં આવ્યું. ચિત્રકૂટ ધામ કેન્દ્રવર્તી શાળા ખાતે સમગ્ર મહુવા તાલુકાના શિક્ષકોનું મહાસંમેલન અને ચિત્રકૂટ એવોર્ડ વિતરણ સમારોહ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો. શાબ્દિક સ્વાગત મનુભાઈ શિયાળે તથા જગદીશભાઈ કાતરીયાએ કર્યુ.મહુવા તાલુકાના ચાલુ વર્ષે નિવૃત્ત થઈ રહેલા ૧૩ શિક્ષકોનો વિદાય સમારોહ પણ આ કાર્યક્રમમાં સામેલ કરવામાં આવ્યો. તે તમામની શાલ,પુષ્પમાળા અને સન્માન પત્ર અર્પણ કરી વિદાય આપવામાં આવી.ગુજરાતના તમામ ૩૩ જિલ્લાઓ અને એક મહાનગરપાલિકા અને એક નગરપાલિકા એમ બધાં મળીને કુલ ૩૫ શિક્ષકોને ચિત્રકૂટ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો. આ એવોર્ડમાં રૂપિયા ૨૫,૦૦૦ ની રાશિ,પ્રશસ્તિ પત્ર, શાલ અને સૂત્રમાળ ાથી બહુમાન થાય છે. મહુવા તાલુકાના શિક્ષક સંઘના આગેવાન તથા જિલ્લા શિક્ષક સંઘના મહામંત્રી ગજેન્દ્રસિંહ વાળાનું મંચના મહેમાનો દ્વારા વિશેષ નિવૃત્તિ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમને સંબોધિત કરતા શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા તથા મહામંત્રી સતિષભાઈએ આ કાર્યક્રમ માટે બાપુનો આભાર પ્રગટ કરીને પોતે કાર્યક્રમના નિમિત્ત બને છે તેની પ્રસન્નતા વ્યકત કરી. શિક્ષણ રાજય મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ કહ્યું કે ગ્રામ્ય શિક્ષણ ખૂબ મહત્વનું છે અને સત્ય, પ્રેમ અને કરૂણાને જીવન મંત્ર બનાવીને આપણે સૌએ વિદ્યાર્થીઓમાં શ્રેષ્ઠ ગુણોના નિર્માણ કરવા માટે કાર્યરત રહેવું જોઈએ.ઉપનિષદના વિવિધ ઉદાહરણો દ્વારા મંત્રીએ તલગાજરડાની તપોભૂમિને બિરદાવી આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે ધન્યતાનો અનુભવ થાય છે તેમ જણાવ્યું હતું.પુ.સીતારામ બાપુએ વિજ્ઞાન ગતિ છે તો અધ્યાત્મ્યએ દિશા બતાવે છે અને શિક્ષક પરમ તત્વ છે અને તેથી તેમને સતત તે દિશામાં ઉત્તમ કામ કરતાં રહેવું જોઈએ તેમ જણાવ્યું. પુ.મોરારિબાપુએ આશીર્વાદ પાઠવતા કહ્યું કે શિક્ષકોએ મનુષ્ય શરીરનું પાઠયપુસ્તક ભણાવવું જોઈએ.આ પાઠ્યપુસ્તક સરકાર માન્ય નથી પરંતુ આપણાં સૌ માટે તે જરૂરી છે.જેમાં બાપુએ શરીરના પંચતત્વો પૃથ્વી,આકાશ, વાયુ,જળ અને અગ્નિ બધાનું મહત્વ સમજીને વિદ્યાર્થીઓમાં તેના ગુણનું આરોપણ કરવા માટે વિશેષ ભાર મૂકયો.બાપુએ કહ્યું કે પૃથ્વી એટલે ભૂગોળ અને તેમાં બધું આવી જાય છે.આકાશ એટલે ખગોળનું જ્ઞાન,વાયુ એટલે પર્યાવરણનું જ્ઞાન,જળ એટલે જળ તત્વ કે જેનો ગુણ પવિત્રતા સાથે અને વણજોતું નહીં સંઘરવા માટે ખ્યાત છે.તેને અપનાવવું પણ જરૂરી લાગ્યું છે.વાયુ એટલે મંદ,ધીરજ, સુગંધ અને શીતળતા એના ગુણો સ્વીકારવાનું કહે છે. બાપુએ રમુજમાં એમ પણ કહ્યું કે એના માટે કોઈ વધારાનું ઈન્ક્રીમેન્ટ નહીં મળે પરંતુ આશીર્વાદ જરૂર મળશે. શિક્ષક સમીક્ષક પરીક્ષક નિરીક્ષક અને પ્રતિક્ષક હોવો જોઈએ.આ કાર્યક્રમમાં ધારાસભ્ય શિવાભાઈ ગોહિલ, એપીએમસીના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ ગામના સરપંચ ભોળાભાઈ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રના અધિકારીઓ પટેલ અને પઢેરિયા તથા ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો તથા જિલ્લા સંઘના તથા તાલુકા શિક્ષક સંઘના હોદ્દેદારો અને વિશાળ સંખ્યામાં શિક્ષક સમાજના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમનું સંચાલન ભરતભાઈ પંડયાએ કર્યુ હતું.આભાર વિધિ ગજેન્દ્રસિંહ વાળ ાએ કરી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં ચરખડીયામાં રહેતા

રોડ ઉપર આ મહિલાએ ખેડૂત યુવક ને મળવા બોલાવતા ખેડૂત પોતાની ફોરવ્હીલ ગાડી નં. જી.જે. ૦૬ એફસી ૧૪૦૩ લઈને સાવરકુંડલાથી મોટી ધારગણી ગામે જતા હતા તે દરમ્યાન હાથસણી રોડ પરથી આરતી પરમાર નામની મહિલાને ગાડીમાં બેસાડી ગાડી આગળ લઈ જતા હાથસણી ડેમના પાળા પાસે પહોંચતા પાછળથી ચાર ફોરવ્હીલ ગાડી જેમાં એક સફેદ કલરની તથા એક વાદળી કલરની તથા અન્ય બે ફોર વ્હીલ નંબર વગરની ગાડીઓમાંથી કુલ–૮ જેટલો અજાણ્યા ઈસમોએ ખેડૂતની ગાડીને ઉભી રખાવી, આ ૮ અજાણ્યા ઈસમો ગાડી ફરતે ઉભા રહી જઈ અને પોતે રાજય સેવક ન હોવા છતાં પોલીસ તરીકેની ખોટી ઓળખ આપી ખોટો ઢોગ કરી ખેડૂતને કહેલ કે તમારી ગાડીનુ અમારી પાસે લોકેશન છે, ગાડીમાં દારૂ ભરેલ છે તેમ જણાવી ગાડી ચેક કરેલ. બાદ ગાડીમાં બેસેલ મહિલા કોણ છે ? અને આ મહિલાને કયાં લઈ જાય છે ? તેની સાથે કોઈ રેપ કરીને મારી નાખીશ તો જવાબદારી કોની ? તેમ કહી યુવકને આ મહિલાના ખોટા રેપ કેસમાં ફસાવી દઈશુ તેમ કહી રૂપિયા છ લાખની માંગણી કરી હતી અને જો પૈસા નહીં આપે તો ખેડૂત યુવકને કપડા કાઢી ગામમા ફેરવવાની ગર્ભીત ધમકી આપી હતી તેમજ જેમફાવે તેમ ગાળો આપી યુવકનો એન્ડ્રોઈડ મોબાઈલ ફોન આશરે કિંમત રૂા. ૧૦,૦૦૦ તથા ફોરવ્હીલ ગાડીની ચાવી જેની આશરે કિંમત રૂા. ૧૦૦૦ ની બળજબરીથી ઝુંટવી લઈ કુલ રૂપિયા ૧૧,૦૦૦ ના મુદામાલની લુંટ ચલાવી ખેડૂતને ભયમાં મુકી બળજબરીથી યુવકને ગાડીમાં બેસાડી હાથસણી ડેમના પાળાથી ધારગણીથી ખાંભા રોડ તેમજ ખાંભા રોડથી સાવરકુંડલા મણીભાઈ ચોક તેમજ ચરખડીયા ગામે લઈ જઈ આ અજાણ્યા આરોપીએ ગુન્હાહીત કાવતરૂ રચી યુવક પાસેથી બળજબરીથી પેનકેન પ્રકારે પૈસા પડાવી લેવા દબાણ કરી ગુન્હો કરી નાસી ગયાની ફરિયાદ આ આરતી પાઠક તથા આઠ અજાણ્યા ઈસમો સામે ખેડૂતે નોંધાવી છે.


**નામ બદલાવેલ છે**

આથી હું જાહેર કરનાર, **બટુકભાઈ ભીખુભાઈ રામોલીયા** મારૂ જુનું નામ **બટુકભાઈ ભીખાભાઈ રામોલીયા** માંથી, બદલીને **બટુકભાઈ ભીખુભાઈ રામોલીયા** કરેલ છે. તો હવેથી હું આ નામથી ઓળખાઈશ.







## પાના ૧ ઉપરનું ચાલું બગસરામાં સરકારી દવાખાનાનાં

વાપરવામાં આવે છે. આટલો મોટો ભ્રષ્ટાચાર હોવા છતાં શું તંત્ર આંખ આડા કાન કરીને બેઠું છે કે પછી આ ભ્રષ્ટાચારમાં તંત્ર પણ ભાગીદાર છે કે શું ? તેવા લોકોમાં સવાલો ઉઠી રહ્યાં છે. જયારે આ બાબતે કોન્ટ્રાકટરને પૂછતા તેમણે જણાવેલ કે અમે બધું બરાબર વાપરીએ છીએ પરંતુ લોકોનાં કહેવા મુજબ આ કોન્ટ્રાકટર દ્વારા લોલમ લોલ કામગીરી ચાલી રહી છે અને નબળી ગુણવત્તાની રેતી તથા લોખંડ પણ પૂરતા પ્રમાણમાં વાપરતા નથી અને ઈંટો તો જાણે નાના બાળકો ઘર ઘર રમતા હોય તેમ તત્કાલ બનાવીને ઉપયોગ કરે છે. તો તંત્ર દ્વારા આની તપાસ કરવામાં આવે એવી માંગ ઉઠી છે.

## પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં પાદરગઢ ગામની સીમમાં

વાઘેલાનો એક વર્ષિય પુત્ર રવજી નામનો બાળક ગત તા.૨૨ ના સાંજના પાંચેક વાગ્યે પાદરગઢ ગામની સીમમાં આશુતોષભાઈ વાળાની વાડીએ ઘુંટણીયાભેર ચાલી અને જમવાનુ બનાવવા માટે ફળીયામા લાકડાનો ચુલો સળગતો હોય તે ચુલા પાસે જઈ સળગતુ લાકડું હાથમા લેતા જમણા પગે સાથળ ના ભાગે દાજી જતા, પ્રથમ સારવાર ધારી પ્રેમપરા વિસ્તારમા આવેલ પ્રાઈવેટ હોસ્પીટલે ત્યાર બાદ ધારી સરકારી દવાખાને, ત્યાર બાદ અમરેલી સરકારી દવાખાને અને ત્યાથી વધુ સારવાર અર્થે રાજકોટ સરકારી દવાખાને લઈ જતા ગત તા.૩૦ ના રોજ બપોર બાદ અંદાજે પાંચેક વાગ્યે એમ્બ્યુલન્સમા સારવાર દરમ્યાન આ બાળક મરણ ગયાનું ધારી પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું ચલાલાનાં મફત પ્લોટ વિસ્તારમાં

નહી મળતા આ વિસ્તારના લોકો ત્રાહીમામ પોકારી ગયા છે. બે વર્ષમાં અનેક વખત સ્થાનીક આગેવાનોને સાથે રાખી ફોલ્ટ દુર કરવા કચેરી રૂબરૂ જઈ ને લેખીત મૌખીક રજુઆતો કરી છે. છતાં આ નિભર તંત્ર દ્વારા કોઈ હકારાત્મક કામગીરી થાતી નથી દિવસ–રાત્રી દરમ્યાન વારંવાર લાઈટ આવન–જાવન કરે છે. દિવસ દરમ્યાન ચાર ચાર કલાક સુધી વીજળી જતી રહે છે. આ શ્રમ વિસ્તાર હોવાથી રજુઆત ને ધ્યાને લેવાતી નથી જયારે શહેરના પોશ વિસ્તારમાં વીજળી નિયમીત મળે છે. વહેલી તકે મફત પ્લોટમાં આવેલ ગાયત્રી ફિડર માં રીપેરીંગ કરી ફોલ્ટ દુર કરવામાં નહી આવે તો કચેરીએ મોટી સંખ્યામાં લોકો જઈને હલ્લાબોલ કરશે તેવી સ્થાનીકોએ રજુઆત કરી છે.

### વર્ષોથી ચાલતા સેવાકાર્યથી સેનાનાં પદાધિકારીઓ પ્રભાવિત

# અમરેલીમાં સેવાનું સરનામું ગણાતા મુકેશ સંઘાણીનાં સ્વપ્નસમા તપોવન આશ્રમની મુલાકાત લેતી હિન્દ કેસરી સેના

### સેવાભાવી અગ્રણી રાજકીય અને સામાજિક ક્ષેત્રે વિસ્તારનું નેતૃત્વ કરે તેવી લાગણી વ્યકત કરી



અમરેલી, તા. ૧

અમરેલીમાં છેલ્લા અઢી દાયકાથી સેવાની સુવાસ ફેલાવનાર સારહિ યુથ કલબનાં પ્રમુખ અને સેવાનું સરનામું ગણાતા મુકેશ સંઘાણીનાં સ્વપ્નસમા નિરાધારનો આધાર ગણાતા તપોવન આશ્રમનું નિર્માણકાર્ય પુરજોશમાં શરૂ હોય ત્યારે નિર્માણાધિન આશ્રમની હિન્દ કેસરી સેનાનાં પદાધિકારીઓ અને કાર્યકર્તાઓએ મુલાકાત લીધી હતી.

અમરેલીમાં આગામી થોડાજ દિવસોમાં શરૂ થઈ રહેલ સારહિ તપોવન આશ્રમમાં વયોવૃધ્ધ નાગરિકોને રહેવા–જમવાની નિઃશુલ્ક સુવિધા મળવાની શરૂ થશે અને કાર્યની સમગ્ર સૌરાષ્ટ્રમાં પ્રશંસા થઈ રહી છે. દરમિયાનમાં હિન્દ કેસરી સેનાનાં આગેવાનોએ મુકેશ સંઘાણી જેવા સેવાભાવી વ્યકિત અમરેલી જિલ્લામાં રાજકીય અને સામાજિક કાર્યમાં વધુમાં વધુ આગળ વધે તેવી શુભકામનાઓ પાઠવી હતી.

## અવસાન નોધ

**અમરેલી :** સ્વ.જયાબેન હકુભાઈ ધરજીયા ઉ. ૭૪ તે ચંદુભાઈ, હર્ષદભાઈ, પ્રકાશભાઈ, મનીષભાઈ (કારોભારી ચેરમેન અમરેલી નગર પાલિકા), અજયભાઈના માતાનું તા.૧ ના રોજ અવસાન થયેલ છે.સદ્ગત નું બેસણું તા. ૩ ને શનિવારે સાંજના ૪ થી ૬ કલાકે પંચમુખી હનુમાન મંદિર, હનુમાન પરા, રેલ્વે ફાટક પાસે, અમરેલી ખાતે રાખેલ છે

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૪૦ | ૧૨૪૧ |
| ૨ | શિંગ મોટી | ૧૦૪૫ | ૧૩૪૭ |
| ૩ | તલ સફેદ | ૧૮૦૦ | ૩૧૩૩ |
| ૪ | તલ કાળા | ૨૮૫૯ | ૩૦૫૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૩૫૦૦ | ૪૦૧૧ |
| ૬ | બાજરો | ૪૩૩ | ૪૫૯ |
| ૭ | જુવાર | ૪૫૦ | ૧૧૧૪ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૮૫ | ૬૩૩ |
| ૯ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૪૧ |
| ૧૦ | ચણા | ૮૪૦ | ૧૧૨૫ |
| ૧૧ | તુવેર | ૧૧૪૫ | ૨૦૩૫ |
| ૧૨ | કપાસ | ૧૦૧૫ | ૧૪૨૭ |
| ૧૩ | એરંડા | ૧૦૭૪ | ૧૧૧૪ |
| ૧૪ | રાયડો | ૯૦૧ | ૯૦૧ |
| ૧૫ | ધાણા | ૧૦૩૧ | ૧૨૧૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૦૦ | ૧૨૪૬ |
| ૨ | શીંગ મોટી | ૯૧૦ | ૧૩૦૧ |
| ૩ | તલ સફેદ | ૨૬૫૦ | ૩૧૧૦ |
| ૪ | જીરૂ | – | ૫૨૦૦ |
| ૫ | કપાસ | ૧૧૦૦ | ૧૪૨૬ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૫ | ૬૦૧ |
| ૮ | બાજરો | ૩૭૦ | ૫૦૧ |
| ૯ | જુવાર | ૫૦૦ | ૭૦૦ |
| ૧૦ | મકાઈ | ૩૭૦ | ૪૫૦ |
| ૧૧ | ચણા | ૯૧૦ | ૧૧૮૦ |
| ૧૨ | દેશી ચણા | ૧૦૨૦ | ૧૪૦૩ |
| ૧૩ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| ૧૪ | તુવેર | ૧૭૦૦ | ૨૧૫૧ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૨૦ |
| ૧૬ | ધાણા | ૯૦૦ | ૧૧૦૦ |
| ૧૭ | મેથી | ૯૦૦ | ૧૦૨૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૩૪ |
| ૨ | મગફળી | ૧૨૮૧ | ૧૩૧૪ |
| ૩ | ઘઉં | ૫૩૦ | ૫૫૦ |
| ૪ | ચણા | ૯૫૬ | ૧૧૦૪ |
| ૫ | તુવેર | ૧૭૩૧ | ૧૯૩૦ |
| ૬ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૭ | સોયાબીન | ૮૪૧ | ૮૪૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૧ |
| ૨ | ચણા | ૧૦૨૦ | ૧૦૮૨ |
| ૩ | મગફળી | ૮૦૧ | ૯૫૧ |
| ૪ | તુવેર | ૭૦૦ | ૧૬૯૦ |
| ૫ | બાજરો | ૪૯૦ | ૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૫૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૪૨ | ૫૬૨ |
| ૮ | ધાણા | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૯ | સોયાબીન | ૬૦૦ | ૮૨૫ |
| ૧૦ | અડદ | ૧૩૫૫ | ૧૭૪૧ |
| ૧૧ | રજકાબી | ૨૫૦૦ | ૨૫૦૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૦૦ | ૧૧૦૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૧ | ૧૪૨૪ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૭૯૫ | ૯૯૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૫૦ | ૧૪૫૬ |
| ૨ | મગફળી | ૧૧૯૦ | ૧૨૯૦ |
| ૩ | જીરૂ | ૪૯૫૦ | ૬૦૦૦ |
| ૪ | ઘઉં | ૪૭૮ | ૫૫૦ |
| ૫ | ચણા | ૯૨૫ | ૧૦૫૦ |
| ૬ | ધાણા | ૯૯૦ | ૧૧૭૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૦ | ૧૩૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૦૦ | ૩૦૦૦ |
| ૩ | તલ પીળા | ૩૯૦૦ | ૩૯૦૦ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૪૨૨ |
| ૫ | બાજરો | ૪૨૦ | ૫૨૪ |
| ૬ | ઘઉં ટુકડા | ૩૬૦ | ૬૨૫ |
| ૭ | જુવાર | ૫૨૭ | ૯૮૧ |
| ૮ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૯ | મગ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૧૦ | અડદ | ૧૬૬૦ | ૧૯૮૦ |
| ૧૧ | તુવેર | ૧૪૫૧ | ૨૦૦૧ |
| ૧૨ | ચણા | ૯૦૦ | ૧૧૧૫ |
| ૧૩ | સુવા | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૯૦૦ | ૯૨૦ |
| ૧૫ | રાય | ૯૦૧ | ૯૦૧ |
| ૧૬ | રાજગરો | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ૧૭ | સોયાબીન | ૭૦૧ | ૮૪૦ |

### ગામના રક્ષક જ ભક્ષક બને તો કહેવું કોને તે પણ પ્રશ્ન

# લૂંટો ભાઈ લૂંટો : બગસરાનાં પીઠડીયા ગામના પ્રથમ નાગરિક ગણાતા સરપંચ દ્વારા જ વૃક્ષછેદન કરાયું

### ૩૦૦ કરતા પણ વધારે વૃક્ષનું છેદન કરીને જેતપુર મોકલી દીધા





બગસરા, તા. ૧

બગસરાના પીઠડિયા ગામના સરપંચ પોતાના હોદ્દાનો દૂર ઉપયોગ કરી ૩૦૦ કરતા વધારે વૃક્ષનું છેદન કરી જેતપુર મુકામે મોકલી આજીવિકા મેળવે છે જયારે એક બાજુ સરકાર દ્વારા વુક્ષો બચાવો અને વરસાદ લાવોના નારા ગાય છે ત્યારે પીઠડીયા ગામના સરપંચ દ્વારા જાણે અલગ સૂત્રો બહાર પાડયા હોય તેવું લાગી રહ્યું છે કે વૃક્ષ કાપો અને આજીવિકા મેળવો આ બાબતની જાણ પીઠડીયા ગામના સામાજિક કાર્યકરને થતાં તેમને મામલદાર બગસરા અને કુંકાવાવ વન ખાતાને જાણ કરેલી હતી ત્યારે બગસરા મામલદાર તેમજ જંગલ ખાતા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને પંચરોજકામ પણ કરેલ હતુ. જયારે જંગલ ખાતાના ડી.એફ. ઓ. ડી. એન. ચૌધરીની સૂચનાથી ટ્રેકર ફિરોજભાઈતેમજ રાઉન્ડ ફોરેસ્ટર હામાપૂર તેમજ મુંજીયાસર ઘટના સ્થળે પહોંચી સરપંચ ઉપર કાયદેસરની કાર્યવાહી કરી વૃક્ષ છેદન તારા નવ મુજબ ૧૯૨૭ ની કલમ લાગુ કરી રૂા. ૧૦,૦૦૦ નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જયારે સામાજિક કાર્યકર જીવણભાઈ મયાત્રા દ્વારા તંત્રને રજૂઆત કરવામાં આવી કે આ સરપંચને સસ્પેન્ડ કરવામાં આવે અને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

# સાંસ્કૃતિક હોલ નજીકમાં ગંદકીનો માહોલ



અમરેલીનાં એકમાત્ર સાંસ્કૃતિક હોલનાં દરવાજા નજીક અને જાહેર માર્ગ ઉપર ગંદકીનાં ગંજ અને તેમાં ગૌ–માતાનાં ખાખાખોળાની રોજિંદી ઘટનાથી શહેરીજનોમાં અરેરાટી જોવા મળતી હોય પાલિકાનાં શાસકો ગંદકી દૂર કરાવે તે જરૂરી છે.

### એક વર્ષનાં નિર્દોષ બાળક રમતા રમતા ચૂલા નજીક પહોંચ્યો

# ધારીનાં પાદરગઢ ગામની સીમમાં ચૂલાનાં કારણે દાજી ગયેલ બાળકનું મોત નિપજયુ

### પ્રાથમિક સારવાર સ્થાનિક કક્ષાએ અપાયા બાદ રીફર વેળાએ મોત

અમરેલી, તા. ૧

ધારી તાલુકાના ગોપાલગ્રામના વતની અને હાલ ધારી તાલુકાના પાદરગઢ ગામની સીમમાં રહેતા કિશોરભાઈ મનસુખભાઈ (અનુસંધાન પાના ૬ ઉપર)

### બાઈક અને કાર અથડાતા રહી ગયાને માથાકુટ થઈ

# ચલાલામાં બાઈક ચાલક અને કારચાલક વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ

### બાઈક ચાલક યુવક ઉપર બાદમાં ૪ વ્યકિતએ કર્યો હુમલો

અમરેલી તા. ૧

ચલાલા ગામે રહેતા અને ખેતી કામ કરતાં રઘુવિરભાઈ ઉર્ફે રઘુભાઈ રામકુભાઈ માંજરીયા નામના ૩૪ વર્ષિય યુવક ગત તા.૧૭/૧ના રોજ રાત્રીના સાડા દસેક વાગ્યે ચલાલાના અમરેલી રોડ ઉપર મોટર સાયકલ લઈને જતા હોય, તે વખતે ભીમનાથ ગલ્લાં પાસે પહોચતા ત્યાં રસ્તામાં ચલાલા ગામે રહેતા આરોપી પહુભાઈ ભગત પોતાની ફોરવ્હીલ ગાડી રોડ ઉપર વાળતા હોય ત્યારે આ યુવકની મોટર સાયકલ સાથે અથડાતા રહી ગયેલ હોય, જે બાબતે યુવકે તેમને ઠપકો આપેલ. જે વાતનું મનદુઃખ રાખી ગત તા.૧૮ ના રોજ સવારના અગિયારેક વાગ્યે યુવક ચલાલા, બસ સ્ટેન્ડ પાસે ગીરનારી પાનના ગલ્લાં પાસે બેસેલ હોય આ વખતે ત્યાં આરોપી પહુભાઈ ભગત તથા પતુ જેબલીયા બન્ને પોતાની સ્વીફટ કાર લઈને આવી લોખંડના પાઈપ વડે યુવકને ડાબા પગમાં પીંડીના ભાગે એક પાઈપનો ઘા મારેલ અને કાઠલો પકડી ગાલ ઉપર ચાર–પાંચ લાફાના ઘા મારી બંને બોલી ગાળો આપી અને આરોપી હર્ષદ ભગતે છરી વડે જમણા હાથની પહેલી અને બીજી આંગળી ઉપર ચરકાની ઈજા કરેલ અને આરોપી ગોપાલગ્રામ ગામે રહેતા જયદિપ વાળા યુવકને શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર મારી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાય છે.

### પીજીવીસીએલનાં અધિકારી રજુઆતને ધ્યાને લેતા નથી

# એકને ગોળ ને એકને ખોળ : ચલાલાનાં મફત પ્લોટ વિસ્તારમાં વીજ ધાંધિયાથી સ્થાનિક રહેવાસીઓમાં રોષ

### યોગ્ય ન થાય તો સ્થાનિકોએ આંદોલનની ચીમકી ઉચ્ચારી

ચલાલા, તા. ૧

ચલાલા શહેરમાં ઘણા ટાઈમથી પીજીવીસીએલ દ્વારા ધાંધીયા ચાલુ કરતા શહેરીજનોમાં રોષ ભભુકતો જોવા મળી રહયો છે. મફત પ્લોટ, ગાયત્રી ફિડર વિસ્તારમાં રહેતા સ્થાનિક આગેવાનોએ જણાવ્યા મુજબ ચલાલા મફત પ્લોટ વિસ્તારમાં છેલ્લા બે વર્ષથી વીજળી ઉપકરણો નિયમીત (અનુસંધાન પાના ૬ ઉપર)

# દુઃખદ અવસાન / બેસણું

અમારા માતુશ્રી જયાબેન હકુભાઇ ધરજીયા (ઉ.વ.૭૪)નું તા.૦૧/૦૨/૨૦૨૪, ગુરૂવાર, પોષવદ-૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. ઇશ્વર સદગત આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સદગતનું બેસણું :** તારીખ : ૦૩/૦૨/૨૦૨૪,શનિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાક
સ્થળ : જય પંચમુખી હનુમાનજી મંદિર, ગરનાળા પાસે,હનુમાનપરા-અમરેલી



**લી.**

સ્વ.હકુભાઇ ગોવિંદભાઇ ધરજીયા
જગદિશભાઇ ગોવિંદભાઇ ધરજીયા
(પુર્વપ્રમુખ-નગરપાલિકા-અમરેલી)
હર્ષદભાઇ હકુભાઇ ધરજીયા
મનીષભાઇ હકુભાઇ ધરજીયા
(ચેરમેન : કારોબારી સમિતિ નગરપાલિકા - અમરેલી)
કૌશિકભાઇ નનકુભાઇ ધરજીયા
(ક્રિષ્ના ફાર્મ)
કિશનભાઇ જગદીશભાઇ ધરજીયા
(ક્રિષ્ના ટ્રાવેલ્સ)

નનકુભાઇ ગોવિંદભાઇ ધરજીયા
(પુર્વ પી.આઇ.)
ચંદુભાઇ હકુભાઇ ધરજીયા
પ્રકાશભાઇ હકુભાઇ ધરજીયા
અજયભાઇ હકુભાઇ ધરજીયા
પરેશભાઇ નનકુભાઇ ધરજીયા
પ્રેમભાઇ ચંદુભાઇ ધરજીયા
પાર્થ પ્રકાશભાઇ ધરજીયા

રોનીત હર્ષદભાઇ ધરજીયા
પ્રતિક મનિષભાઇ ધરજીયા
રૂદ્ર કિશનભાઇ ધરજીયા
અમન કૌશિકભાઇ ધરજીયા
પરમ પરેશભાઇ ધરજીયા
રૂદ્રાક્ષ રોનીતભાઇ ધરજીયા
વિહાન અજયભાઇ ધરજીયા
પ્રિયાંશુ કિશનભાઇ ધરજીયા
બંસીલ કૌશિકભાઇ ધરજીયા
વંશ પાર્થભાઇ ધરજીયા

**મોસાળપક્ષઃ-**

સ્વ.નારણભાઇ હરીભાઇ સોલંકી
સ્વ.ભીમજીભાઇ હરીભાઇ સોલંકી
સ્વ.પ્રેમજીભાઇ હરીભાઇ સોલંકી
સ્વ.પરશોતમભાઇ હરીભાઇ સોલંકી
જીવરાજભાઇ હરીભાઇ સોલંકી
ઠાકરશીભાઇ હરીભાઇ સોલંકી

**દીકરીઓ :**

નયના / શિલ્પા / મનિષા / દિપાલી / સપના / દિસા / પ્રિતિ / નંદની / મીરલ / આયુષી / પ્રિયા / રીયા / આયશા / પ્રિયલ / ઇશા / કિના / તન્નવી / દર્શન / આકાશી / પ્રિયલ / આર્યન / પ્રિન્સ / તુલસી

**સ્વ. જયાબેન હકુભાઇ ધરજીયા**
જન્મ તા.૦૧/૦૬/૧૯૪૯ (ઉ.વ.૭૪)
સ્વ.તા.સંવંત-૨૦૮૦, પોષવદ-૬ને ગુરૂવાર, સ્વ.તા.૦૧-૦૨-૨૦૨૪
મુ. અમરેલી.

સ્થળ : હનુમાનપરા, શેરી નં.- ૧, અમરેલી

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)